સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 20

[MAY - 2020]
[10/05/20 to 16/05/20]

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)

## MIRACLES
### EXCLUSIVE CLASS 1/2

VOLUME 1

15 to 30 APR 2020

ICE®

Click Here To DOWNLOAD

**CURRENT TOPICS**

- કૈલાસ માનસરોવર યાત્રા માટે નવા લિપુલેખ રોડ માર્ગનું ઉદ્દઘાટન
- ભારતના પાડોશી દેશોમાં સહાય પહોંચાડવા ભારતીય નૌસેના દ્વારા 'મિશન સાગર'નો પ્રારંભ
- કોરોના સામે જંગ જીતવા ભારતમાં રૂ. 20 લાખ કરોડના આર્થિક પેકેજની જાહેરાત
- 'મુખ્યમંત્રી કોરોના વોરિયર્સ સન્માન યોજના' અંતર્ગત ગુજરાતમાં કોરોના વોરિયર્સને માનદ્ વેતન અપાશે
- ગુજરાતમાં નાના વેપારીઓ, કારીગરો વગેરે માટે 'આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના'ની જાહેરાત
- ગુજરાતની ઝાયડસ કેડિલા COVID-19 પરીક્ષણ માટે સ્વદેશી એન્ટીબોડી ટેસ્ટ કિટનું ઉત્પાદન કરનાર ભારતની પ્રથમ કંપની બનશે


www.ICEONLINE.IN
9375701110/9328001110

અમારી સાથે જોડાયેલા રહો :
Telegram : t.me/icerajkotofficial
Instagram : icerajkot

10 MAY, 2020 SUNDAY

## ➤ દિવસ મહિમા : મે માસનો બીજો રવિવાર, મધર્સ ડે




સમગ્ર વિશ્વના વિવિધ દેશોમાં 'મધર્સ ડે'ની ઉજવણી જુદા જુદા દિવસે થાય છે.

- જોકે, ભારત સહિત વિશ્વના મોટા ભાગના દેશોમાં મે માસના બીજા રવિવારે 'મધર્સ ડે' ઉજવાય છે.
- આ અંતર્ગત વર્ષ 2020માં ભારતમાં 10 મેના રોજ 'મધર્સ ડે'ની ઉજવણી કરવામાં આવી હતી.

### આ દિવસની ઉજવણીનો પ્રારંભ

આધુનિક 'મધર્સ ડે'ની સૌપ્રથમ વખત ઉજવણી ઈ.સ. 1908માં સુશ્રી એના જાર્વિસ દ્વારા અમેરિકાના વેસ્ટ વર્જિનિયાના ગ્રાફ્ટન ખાતે આવેલા એક ચર્ચમાં કરવામાં આવી હતી.

- ઈ.સ. 1912માં સુશ્રી એના જાર્વિસે 'મે મહિનાનો બીજો રવિવાર' અને 'મધર્સ ડે' શબ્દોના ટ્રેડમાર્ક કરાવ્યા હતા.
- અને તેમણે 'મધર્સ ડે ઈન્ટરનેશનલ'ની સ્થાપના કરી હતી.

**નોંધ :** સમગ્ર વિશ્વના પ્રત્યેક પરિવારોમાં માતાનું સન્માન થાય અને તેમનું સ્વાભિમાન જળવાઈ રહે તે માટે 'મધર્સ ડે'ની ઉજવણી કરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા 'આયુષ સંજીવની એપ' લોન્ચ




7 મે 2020ના રોજ ભારતમાં કેન્દ્ર સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી ડો. હર્ષ વર્ધને 'આયુષ સંજીવની' નામની એક મોબાઈલ એપ લોન્ચ કરી છે.

- ભારતમાં આયુષ સંબંધિત મહત્ત્વની માહિતી એકત્ર કરવા આ એપ ઉપયોગી થશે.
- COVID-19ની નાબૂદી માટે આયુષના ઉપયોગ અંગે લોકોના અનુભવો તથા ભલામણો પણ આ એપની મદદથી જાણી શકાશે.
- સમગ્ર દેશમાં 50 લાખ લોકો આ એપ ડાઉનલોડ કરે એવું કેન્દ્ર સરકાર દ્વારા લક્ષ્યાંક રાખવામાં આવ્યું છે.
- ભારતમાં કેન્દ્ર સરકારના આયુષ મંત્રાલય અને ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલય દ્વારા આ એપ વિકસાવવામાં આવી છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ➤ કૈલાસ માનસરોવર યાત્રા માટે નવા લિપુલેખ રોડ માર્ગનું ઉદ્‌ઘાટન



ભારતમાં કેન્દ્ર સરકારના સંરક્ષણ મંત્રી **શ્રી રાજનાથ સિંહે** તાજેતરમાં **ઉત્તરાખંડ** ખાતે એક **80 કિમી લંબાઈ**ના રોડ માર્ગનું લોકાર્પણ કર્યું છે.

- આ નવો રોડ માર્ગ **કૈલાસ માનસરોવર યાત્રા** માટે ખૂબ જ ઉપયોગી છે.
- આ રોડ માર્ગ **લિપુલેખ ઘાટ (LipuLekh Pass)**માંથી પસાર થાય છે.
- આ રોડ **ઉત્તરાખંડ**ના **ધારચુલા**ને ભારત–ચીન સરહદ પરના **લિપુલેખ** સાથે જોડે છે.

### આ રોડ માર્ગનું મહત્ત્વ

આ માર્ગના નિર્માણ અગાઉ ભારતમાંથી કૈલાસ માનસરોવરની યાત્રા **બે માર્ગો** દ્વારા થતી હતી :

(1) સિક્કિમ માર્ગ અને

(2) કાઠમંડુ માર્ગ

- આ બંને માર્ગો દ્વારા દિલ્હીથી માનસરોવરની યાત્રા કરવા માટે **હવાઈ માર્ગ**, **સડક માર્ગ** અને **પગપાળા યાત્રા**નો સમાવેશ થતો હતો.
- જ્યારે નૂતન માર્ગના નિર્માણથી હવે હવાઈ યાત્રા કર્યા વગર જ માત્ર **સડક માર્ગ** અને **પગપાળા યાત્રા** દ્વારા માનસરોવરની યાત્રા થઈ શકશે.
- આ ઉપરાંત આ નૂતન માર્ગની લંબાઈ અન્ય માર્ગો કરતા પાંચમા ભાગ જેટલી ઓછી છે.
- આથી, આ માર્ગની મદદથી અન્ય માર્ગો કરતા ખૂબ જ ઓછા ખર્ચે કૈલાસ માનસરોવરની યાત્રા થઈ શકશે.
- આ ઉપરાંત આ નવા માર્ગે થતી કૈલાસ માનસરોવરની યાત્રાનો **84 ટકા** ભાગ **ભારત**માં છે અને માત્ર **16 ટકા** ભાગ જ **ચીન**માં છે.
- જ્યારે અન્ય માર્ગે થતી કૈલાસ માનસરોવરની યાત્રાનો **80 ટકા** ભાગ **ચીન**માં હતો.

### આ માર્ગનું નિર્માણ

આ રોડનું નિર્માણ **Border Roads Organization (BRO)** દ્વારા કરવામાં આવ્યું છે.

- આ રોડના નિર્માણ માટે **'ભારત-ચીન બોર્ડર રોડ' (Indo-China Border Road-ICBR)** દ્વારા નાણાં ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે.
- આ રોડનું નિર્માણ **China Study Group (CSG)**ના સૂચનો અનુસાર કરવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

1. ભારતમાં 'મધર્સ ડે' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 8 મે (B) 9 મે
   (C) 10 મે (D) ત્રણમાંથી કોઈ નહિ
   **(D)**

2. ભારત સહિત વિશ્વના અનેક દેશોમાં 'મધર્સ ડે'ની ઉજવણી ક્યારે કરવામાં આવે છે ?
   (A) મે માસના પ્રથમ શનિવારે (B) મે માસના બીજા શનિવારે
   (C) મે માસના પ્રથમ રવિવારે (D) મે માસના બીજા રવિવારે
   **(D)**

3. 'મધર્સ ડે'ના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
   1. વિશ્વના તમામ દેશોમાં 'મધર્સ ડે'ની ઉજવણી એક જ દિવસે કરવામાં આવે છે.
   2. આધુનિક 'મધર્સ ડે'ની સૌપ્રથમ ઉજવણી 1908માં અમેરિકામાં થઈ હતી.
   3. આધુનિક 'મધર્સ ડે'ની ઉજવણીનો પ્રારંભ સુશ્રી એના જાર્વિસે કર્યો હતો.
   4. સુશ્રી એના જાર્વિસે 'મે માસનો બીજો રવિવાર' અને 'મધર્સ ડે' શબ્દોના ટ્રેડમાર્ક કરાવ્યા હતા.

   (A) 1, 2, 3, 4 (B) 1, 2, 3 (C) 2, 3, 4 (D) 3, 4
   **(C)**

4. વર્ષ 2020માં ભારતમાં કયા દિવસે 'મધર્સ ડે'ની ઉજવણી કરવામાં આવી હતી ?
   (A) 8 મે (B) 9 મે (C) 10 મે (D) 11 મે
   **(C)**

5. ભારતમાં આયુષ સંબંધી મહત્ત્વની માહિતી એકત્ર કરવા માટે કેન્દ્ર સરકાર દ્વારા કઈ મોબાઈલ એપ લોન્ચ કરવામાં આવી છે ?
   (A) આયુષ સુરક્ષા (B) આયુષ કવચ
   (C) આયુષ સંજીવની (D) આયુષ જીવન
   **(C)**

6. ભારતમાં કેન્દ્રીય સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહે ભારતના કયા રાજ્યમાં કૈલાસ માનસરોવર યાત્રા માટેના નવા માર્ગનું લોકાર્પણ કર્યું છે ?
   (A) ઉત્તરાખંડ (B) ઉત્તરપ્રદેશ (C) બિહાર (D) સિક્કિમ
   **(A)**

7. ભારતના ઉત્તરાખંડમાં કૈલાસ માનસરોવર યાત્રા માટે નવા સડક માર્ગનું લોકાર્પણ કરવામાં આવ્યું છે...આ સડક માર્ગ કયા ઘાટ (Pass)માંથી પસાર થાય છે ?
   (A) રોહતાંગ (B) શિપ્કી (C) લિપુલેખ (D) ખારદુંગ
   **(C)**

8. ભારતના ઉત્તરાખંડમાં કૈલાસ માનસરોવર યાત્રા માટેના 80 કિમી લંબાઈના નવા રોડ માર્ગનું લોકાર્પણ કરવામાં આવ્યું છે...આ માર્ગ ઉત્તરાખંડના કયા સ્થળ અને ભારત–ચીન સરહદ પર આવેલા લિપુલેખ વચ્ચે આવેલો છે ?
   (A) દહેરાદૂન (B) ધારચૂલા (C) ગઢવાલ (D) નૈનિતાલ
   **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**9.** ઉત્તરાખંડમાં નવા માર્ગના નિર્માણ અગાઉ ભારતમાંથી કૈલાસ માનસરોવર યાત્રા કયા માર્ગે થતી હતી ?

(A) સિક્કિમ અને હરિદ્વાર (B) સિક્કિમ અને ઈટાનગર

(C) સિક્કિમ અને કાઠમંડુ (D) સિક્કિમ અને અગરતલા **(C)**

**10.** ભારતના ઉત્તરાખંડમાં કૈલાસ માનસરોવર યાત્રા માટેના 80 કિમી લંબાઈના નવા રોડ માર્ગનું નિર્માણ કોના દ્વારા કરવામાં આવ્યું છે ?

(A) નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI)

(B) સ્ટેટ હાઈવે ઓથોરિટી ઓફ ઉત્તરાખંડ (SHAU)

(C) બોર્ડર રોડ્સ ઓર્ગેનાઈઝેશન (BRO)

(D) A અને B બન્ને **(C)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS


# ICE CURRENT AFFAIRS LOCKDOWN નથી

## દરરોજ 5 મિનિટના 5 પ્રશ્નો સમજૂતી સાથે

"સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીની સફરમાં બહારે બધુ બંધ છે....
ચાલને ભીતરે જઈએ....
કોરોનાની મહામારીમાં રોડરસ્તા લોકડાઉન...
આપની તૈયારીનો ઉત્સાહ, ઉમંગ લોકડાઉન નથી...
લોકોની ભીડ, દુકાનો–ઓફિસો લોકડાઉન...
આપના સપનાઓ, આકાંક્ષાઓ લોકડાઉન નથી...
મંદીર, મસ્જીદ, ગુરુદ્વારા બધું જ લોકડાઉન...
પ્રભુને પ્રાર્થના, લોકસેવા, માનવતા લોકડાઉન નથી...
ઘરમાં છીએ કોરંટાઈન બહાર જાવું લોકડાઉન...
પરંતુ ICEનું કરન્ટ અફેર્સ લોકડાઉન નથી...
અમે તૈયાર છીએ આપની તૈયારીને સર્વશ્રેષ્ઠ બનાવવા માટે,
તો આપ પણ તૈયાર થઈ જાઓ કેમ કે અમે લાવી રહયા છીએ...
"ICE DAILY DOSE""





**ICE DAILY doseના Questions ડાઉનલોડ કરવા અહી ક્લિક કરો**

**11 MAY, 2020 MONDAY**

## ➢ દિવસ મહિમા : 11 મે, રાષ્ટ્રીય ટેક્નોલોજી દિવસ (National Technology Day)




ભારતના કેન્દ્રીય વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રાલય દ્વારા ભારતમાં દર વર્ષે 11 મેના રોજ 'રાષ્ટ્રીય ટેક્નોલોજી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- ભારતમાં વૈજ્ઞાનિક અને ટેક્નોલોજી ક્ષેત્રે થયેલી વિવિધ શોધોની યાદમાં આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

### 11 મેના રોજ આ દિવસ શા માટે ઉજવાય છે ?

(1) 11 મે, 1998ના રોજ ભારતે રાજસ્થાનના પોખરણ ખાતેથી 'ઓપરેશન શક્તિ' (મૂળ નામ : ઓપરેશન શક્તિ-98) અંતર્ગત પરમાણુ અથવા તો ન્યુક્લિયર બોમ્બનું સફળ પરીક્ષણ કર્યું હતું.

(2) 11 મે, 1998ના રોજ ભારતના પ્રથમ સ્વદેશી એરક્રાફ્ટ 'હંસા-3'નું બેંગાલુરુ ખાતેથી સફળ પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

(3) 11 મે, 1998ના રોજ ભારતે 'ત્રિશુલ' મિસાઈલનું પણ અંતિમ સફળ પરીક્ષણ કર્યું હતું.

આથી, આ દિવસની યાદમાં ભારતમાં દર વર્ષે 11 મેના રોજ રાષ્ટ્રીય ટેક્નોલોજી દિવસની ઉજવણી કરવામાં આવે છે.

- ભારતના તત્કાલીન વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપેઈએ આ દિવસની ઉજવણીની જાહેરાત કરી હતી.
- આ અંતર્ગત ભારતમાં 1999થી દર વર્ષે 11 મેના રોજ 'રાષ્ટ્રીય ટેક્નોલોજી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતનું પરમાણુ પરીક્ષણ

ભારતે **18 મે, 1974**ના રોજ **રાજસ્થાન**ના **પોખરણ** ખાતે **પ્રથમ પરમાણુ પરીક્ષણ** કર્યું હતું.

- આ પરીક્ષણને **'સ્માઈલિંગ બુદ્ધા'** નામ આપવામાં આવ્યું હતું.
- ત્યારબાદ **11 મે 1998**ના રોજ ભારતે **બીજું પરમાણુ પરીક્ષણ 'પોખરણ-II'** હાથ ધર્યું હતું.
- આ બીજા પરમાણુ પરીક્ષણને **'ઓપરેશન શક્તિ'** નામ આપવામાં આવ્યું હતું.
- અને આ પરીક્ષણ દ્વારા ભારત અણુ અથવા તો પરમાણુ શક્તિ ધરાવતો **વિશ્વનો છઠ્ઠો દેશ** બની ગયો હતો.
- **'ઓપરેશન શક્તિ'** અથવા તો **'પોખરણ-II'** અંતર્ગત **5 પરમાણુ બોમ્બ**નું પરીક્ષણ કરવામાં આવ્યું હતું.
- આ 5 પરમાણુ બોમ્બમાંથી 1 બોમ્બ Fusion Bomb હતો. અને બાકીના 4 બોમ્બ Fission Bomb હતાં.
- જેમાંથી **11 મે, 1998**ના રોજ એક Fusion અને બે Fission Bombનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું.
- અને ત્યારબાદ **13 મે, 1998**ના રોજ બાકીના બે Fission Bombનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

## ➤ ભારતના પાડોશી દેશોમાં સહાય પહોંચાડવા ભારતીય નૌસેના દ્વારા 'મિશન સાગર'નો પ્રારંભ



10 મે, 2020ના રોજ **ભારતીય નૌસેના દ્વારા 'મિશન સાગર' (MISSION SAGAR)**નો પ્રારંભ કરવામાં આવ્યો છે.

- COVID-19 મહામારી દરમિયાન ભારતના પાડોશી દેશો **માલદીવ, મોરેશિયસ, મેડાગાસ્કર અને કોમોરોસ**માં જરૂરી સહાયતા પહોંચાડવા માટે ભારતની નૌસેના દ્વારા આ મિશનનો પ્રારંભ કરવામાં આવ્યો છે.
- આ અંતર્ગત ભારતીય નૌસેનાના **કેસરી** અથવા તો **INS કેસરી** નામના જહાજ દ્વારા આ દેશોને જરૂરી ખાદ્ય સામગ્રી, COVID-19 સંબંધિત દવાઓ, આયુર્વેદિક દવાઓ વગેરે જેવી સહાય પહોંચાડવામાં આવશે.
- ભારતીય નૌસેના દ્વારા ભારત સરકારના સંરક્ષણ મંત્રાલય, વિદેશ મંત્રાલય અને અન્ય સરકારી એજન્સીઓ સાથે ઘનિષ્ઠ સમન્વય સાધીને આ મિશન શરૂ કરવામાં આવ્યું છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** (1) ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા SAGAR (Security and Groth for All in the Region) નામથી એક પહેલ શરૂ કરવામાં આવી હતી.

(2) 'સાગર' નામની આ પહેલનો મુખ્ય ઉદ્દેશ પાડોશી દેશો સાથે ભારતના સંબંધો વધુ મજબૂત બનાવવાનો હતો.

(3) ભારતીય નૌસેના દ્વારા લોન્ચ કરવામાં આવેલું 'મિશન સાગર' પણ આ 'સાગર' પહેલને અનુરૂપ જ છે.

## ➤ એશિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ બેન્ક COVID-19નો સામનો કરવા માટે ભારતને 500 મિલિયન ડોલરની સહાય આપશે

તાજેતરમાં ભારત સરકાર અને Asian Infrastructure Investment Bank (AIIB) વચ્ચે એક સમજૂતી પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.

- આ સમજૂતી અંતર્ગત COVID-19નો સામનો કરવા માટે એશિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ બેન્ક ભારતને 500 મિલિયન ડોલરની સહાય આપશે.

### AIIB

AIIBનું પૂરું નામ Asian Infrastructure Investment Bank છે.

- AIIB એ Multilateral Development Bank (બહુપક્ષીય વિકાસ બેન્ક) છે.
- Indo-Pacific Regionમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ માટે સહયોગ આપવા માટે આ બેન્કની સ્થાપના કરવામાં આવી છે.
- આ બેન્કની કામગીરીનો પ્રારંભ 16 જાન્યુઆરી 2016ના રોજ થયો હતો.
- તેનું વડું મથક ચીનના બેઈજિંગ ખાતે આવેલું છે.
- આ બેન્કના સભ્યોમાં હાલના 78 અને હવે પછી તેમાં જોડાનાર અન્ય 24 સભ્યોનો સમાવેશ થાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ICE Questions

1. ભારતમાં 'રાષ્ટ્રીય ટેક્નોલોજી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 8 મે (B) 9 મે (C) 10 મે (D) 11 મે **(D)**

2. ભારતમાં 11 મેના રોજ 'રાષ્ટ્રીય ટેક્નોલોજી દિવસ'ની ઉજવણીનો પ્રારંભ કયારથી થયો હતો ?

(A) 1996 (B) 1997 (C) 1999 (D) 2002 **(C)**

3. 11 મેના રોજ ભારતમાં નીચેનામાંથી કઈ ઘટના ઘટી હોવાથી આ દિવસે ભારતમાં 'રાષ્ટ્રીય ટેક્નોલોજી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?
   1. 11 મે, 1974ના રોજ પોખરણ-Iનો પ્રારંભ
   2. 11 મે, 1998ના રોજ 'પૃથ્વી' મિસાઈલનું સફળ પરીક્ષણ
   3. 11 મે, 1998ના રોજ ભારતના પ્રથમ સ્વદેશી યાન 'હંસા-3'નું પરીક્ષણ
   4. 11 મે, 1998ના રોજ પોખરણ-IIનો પ્રારંભ

   (A) 1, 2, 3, 4 (B) 2, 3, 4 (C) 1, 2, 3 (D) 3, 4 **(D)**

4. ભારતના પરમાણુ પરીક્ષણના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
   1. 1974માં થયેલા ભારતના પ્રથમ પરમાણુ પરીક્ષણને 'ઓપરેશન સ્માઈલિંગ બુદ્ધા' નામ આપવામાં આવ્યું હતું.
   2. 1998માં થયેલા ભારતના બીજા પરમાણુ પરીક્ષણને 'ઓપરેશન શક્તિ' નામ આપવામાં આવ્યું હતું.
   3. 2003માં થયેલા ભારતના ત્રીજા પરમાણુ પરીક્ષણને 'ઓપરેશન બ્રહ્માસ્ત્ર' નામ આપવામાં આવ્યું હતું.

   (A) 1, 2, 3 (B) 1, 2 (C) ફક્ત 1 (D) ફક્ત 2 **(B)**

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

5. 10 મે 2020ના રોજ ભારતના પાડોશી દેશોમાં COVID-19 મહામારી દરમિયાન સહાય પહોંચાડવા માટે ભારતીય નૌસેના દ્વારા કયા મિશનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો ?

   (A) મિશન વંદે ભારત (B) મિશન સમુદ્ર સેતુ
   (C) મિશન ભારત (D) મિશન સાગર **(D)**

6. COVID-19 મહામારી દરમિયાન કયા દેશમાં સહાય પહોંચાડવા માટે ભારતીય નૌસેના દ્વારા 10 મે 2020ના રોજ 'મિશન સાગર'નો પ્રારંભ કરવામાં આવ્યો હતો ?

   (A) માલદીવ (B) મેડાગાસ્કર (C) મોરેશિયસ (D) ઉપરોક્ત ત્રણેય **(D)**

7. COVID-19 મહામારી દરમિયાન માલદીવ, મોરેશિયસ, મેડાગાસ્કર અને કોમોરોસમાં સહાય પહોંચાડવા માટે 'મિશન સાગર' અંતર્ગત ભારતીય નૌસેના દ્વારા કયા જહાજનો ઉપયોગ કરવામાં આવ્યો હતો ?


   (A) મગર અથવા INS મગર (B) જલશ્વ અથવા INS જલશ્વ
   (C) ગરુડ અથવા INS ગરુડ (D) કેસરી અથવા INS કેસરી **(D)**

8. COVID-19નો સામનો કરવા માટે એશિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ બેન્ક દ્વારા ભારતને કેટલી સહાય કરવામાં આવશે ?
(A) 200 મિલિયન ડોલર (B) 400 મિલિયન ડોલર
(C) 500 મિલિયન ડોલર (D) 600 મિલિયન ડોલર **(C)**

9. COVID-19નો સામનો કરવા માટે કઈ સંસ્થા દ્વારા ભારતને 500 મિલિયન ડોલરની સહાય કરવામાં આવશે ?
(A) ADB (B) WHO (C) AIIB (D) WEF **(C)**

10. AIIB અથવા તો એશિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ બેન્કનું વડું મથક કયાં આવેલું છે ?
(A) શાંઘાઈ (B) હેનોઈ (C) બેઈજિંગ (D) મનામા **(C)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS



## 12 MAY, 2020 TUESDAY

## ➤ દિવસ મહિમા : 12 મે, આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ (International Nurses Day)




સમગ્ર વિશ્વમાં દર વર્ષે 12 મેના રોજ 'આંતરરાષ્ટ્રીય નર્સ (પરિચારિકા) દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ સાક્ષાત્ દેવી સ્વરૂપ નર્સ બહેનોના સમાજ પ્રત્યેના અમૂલ્ય યોગદાનને બિરદાવવાનો છે.
- સુશ્રી ફ્લોરેન્સ નાઈન્ટિંગલનો જન્મદિન 12 મે દર વર્ષે 'આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ' તરીકે ઉજવાય છે.
- બ્રિટનમાં 'દયાની દેવી' તરીકે પ્રસિદ્ધ થયેલા સુશ્રી ફ્લોરેન્સ નાઈન્ટિંગલે 'આધુનિક નર્સિંગ'ની સ્થાપના કરી હતી.
- આથી, તેમનો જન્મ દિવસ 'આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ' તરીકે ઉજવાય છે.
- International Council of Nurses (ICN) દ્વારા 1965થી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- જોકે, 12 મેના રોજ 'આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ'ની ઉજવણી કરવાનો નિર્ણય જાન્યુઆરી 1974માં થયો હતો.
- અને ત્યારબાદ દર વર્ષે 12 મેના રોજ આ દિવસ ઉજવાય છે.

### વર્ષ 2020ની થીમ

વર્ષ 2020ના 'આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ'ની થીમ Nurses : A Voice to lead-Nursing the World to Health છે.

**નોંધ :** (1) સુશ્રી ફ્લોરેન્સ નાઈન્ટિંગલનો જન્મ 12 મે 1820ના રોજ ઈટલીના ફ્લોરેન્સમાં થયો હતો. જોકે, તેમની કર્મભૂમિ બ્રિટન હતી.

(2) સુશ્રી ફ્લોરેન્સ નાઈન્ટિંગલ ક્રિમિઅન યુદ્ધ દરમિયાન ઘાયલ થયેલા બ્રિટિશ સૈનિકોની સંભાળ માટે પ્રસિદ્ધ છે. આ સમયે તેમણે નર્સોના મેનેજર અને ટ્રેનર તરીકે પણ ફરજ બજાવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ PPE કિટને સંપૂર્ણ સુરક્ષિત બનાવતા ભારતના પ્રથમ હોટ એર સીમ સિલિંગ મશીનનું ગુજરાતના ગાંધીનગર ખાતેથી લોન્ચિંગ



11 મે 2020ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના ગાંધીનગર ખાતેથી ભારતનું પ્રથમ હોટ એર સીમ સિલિંગ મશીન વીડિયો કોન્ફરન્સ દ્વારા લોન્ચ કર્યું છે.

- COVID-19 સામેની લડાઈમાં તબીબો–પેરામેડિકલ સ્ટાફની રક્ષા માટે ઉપયોગમાં લેવાતા પર્સનલ પ્રોટેકટીવ ઈક્વીપમેન્ટ (PPE)ને સ્પેશ્યલાઈઝ્ડ ટેપથી સંપૂર્ણ સુરક્ષિત બનાવવા માટે આ મશીન અત્યંત ઉપયોગી છે.
- PPE કિટની સિલાઈ દરમિયાન સિલાઈના દોરા આસપાસ રહી ગયેલા નાના છીદ્રોને આ મશીન દ્વારા સ્પેશ્યલાઈઝ્ડ ટેપની મદદથી સીલ કરી શકાય છે.

### આ મશીનનું નિર્માણ કોના દ્વારા કરવામાં આવ્યું છે ?

ગુજરાતના રાજકોટ ખાતે આવેલી મેકપાવર સી. એન. સી. મશીન્સ લિમિટેડ (Macpower CNC Machines Limited) નામની કંપની દ્વારા ભારતના આ પ્રથમ હોટ એર સીમ સિલિંગ મશીનનું નિર્માણ કરવામાં આવ્યું છે.

- આવા મશીન ભારતમાં બનતા નથી તેથી તેની ચીન અને કોરિયામાંથી આયાત કરવી પડે છે.
- જેની બજાર કિંમત રૂ. 7 થી 8 લાખ અને ડિલિવરીનો સમયગાળો 12 થી 13 અઠવાડિયા જેટલો હોય છે.
- આ સંજોગોમાં રાજકોટની મેકપાવર CNC મશીન્સ લિમિટેડે માત્ર 20 જ દિવસના ટૂંકા ગાળામાં બજાર કિંમત કરતા 50 ટકા ઓછી કિંમતે આવા મશીનનું નિર્માણ કરીને રાજકોટ અને ગુજરાતને ગૌરવ અપાવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ કોરોના લોકડાઉન દરમિયાન પરપ્રાંતિય શ્રમિકોને વતન મોકલવામાં સમગ્ર દેશમાં ગુજરાત મોખરે

કોરોના મહામારી દરમિયાન લોકડાઉનની સ્થિતિમાં પરપ્રાંતિય મજૂરોને તેમના વતન મોકલવાની કામગીરીમાં સમગ્ર દેશમાં ગુજરાત પ્રથમ ક્રમે રહ્યું છે.

- ગુજરાતના મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રી અશ્વિનિકુમારે આપેલી માહિતી અનુસાર 7 મે, 2020 સુધીમાં પરપ્રાંતિય શ્રમિકોને વતન રાજ્ય મોકલવા માટે સમગ્ર દેશમાં કુલ 163 વિશેષ ટ્રેન ચલાવવામાં આવી હતી.

- જેમાંથી **સૌથી વધુ 94 ટ્રેન** એકલા ગુજરાતમાંથી જ રવાના થઈ હતી.
- આ 94માંથી સૌથી વધુ ઉત્તરપ્રદેશ માટે 57 ટ્રેનો દોડાવવામાં આવી હતી.
- આ 94 ટ્રેનો દ્વારા ગુજરાતમાંથી આશરે **1.50 લાખ** જેટલા શ્રમિકોને તેમના વતન પહોંચાડવામાં આવ્યા છે.

**નોંધ :** ઉપરોક્ત 94 ટ્રેનો ઉપરાંત 8 મે 2020ના રોજ ગુજરાતમાંથી બીજી 33 જેટલી ટ્રેનો અન્ય રાજ્યોમાં દોડાવવામાં આવી હતી.

## ➤ COVID-19ની ઈન્ટરનેશનલ ક્લિનિકલ ટ્રાયલ 'સોલિડારિટી ટ્રાયલ' માટે ગુજરાતમાં સૌપ્રથમ અમદાવાદની બી. જે. મેડિકલ કોલેજને મંજૂરી

**WHO (World Health Organization)** અને તેના અન્ય સહયોગીઓ દ્વારા વિશ્વના 100થી વધુ દેશોમાં **COVID-19**ના રોગની ઈન્ટરનેશનલ ક્લિનિકલ ટ્રાયલ **'સોલિડારિટી ટ્રાયલ'** અમલી બનાવવામાં આવી છે.

- આ અંતર્ગત ભારતમાં કેન્દ્ર સરકારે **ગુજરાત**ને પણ આ ટ્રાયલ માટે મંજૂરી આપી છે.
- જેમાં **ગુજરાત**માં સૌપ્રથમ **અમદાવાદ**ની **બી. જે. મેડિકલ કોલેજ**ને આ ટ્રાયલ માટે મંજૂરી આપવામાં આવી છે.
- આ ઉપરાંત ગુજરાતની **અન્ય ચાર હોસ્પિટલો**માં પણ આવી ટ્રાયલ માટે મંજૂરી મેળવવામાં આવી રહી છે.
- આ 'સોલિડારિટી ટ્રાયલ' અંતર્ગત COVID-19ના દર્દીઓ પર નીચેની **ચાર દવાઓનું** પરીક્ષણ કરવામાં આવશે :

  (1) Remdesivir

  (2) Lopinavir

  (3) Interferon (beta 1 a)

  (4) Hydroxychloroquine અથવા Chloroquine

**નોંધ :** (1) **WHO**ની ભાગીદારી દ્વારા **ભારત**માં **ICMR** દ્વારા આ ટ્રાયલ હાથ ધરવામાં આવી છે.

(2) **ICMR**નું પૂરું નામ **Indian Council of Medical Research** છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

1. સમગ્ર વિશ્વમાં 'આંતરરાષ્ટ્રીય પરિચારિકા દિવસ' અથવા તો 'આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 10 મે (B) 11 મે
   (C) 12 મે (D) મે માસનો બીજો મંગળવાર **(C)**

2. કોનો જન્મદિન 12 મે દર વર્ષે 'આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ' તરીકે ઉજવાય છે ?
   (A) સુશ્રી એના હાર્વિસ (B) સુશ્રી પેરિસ હિલ્ટન
   (C) સુશ્રી ફ્લોરેન્સ નાઈન્ટિંગલ (D) સુશ્રી જસ્ટિન બિઅબર **(C)**

3. વર્ષ 2020ની 'આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ'ની થીમ શું છે ?
   (A) Nurses : A Voice to lead - Health for All
   (B) Nurses : A Voice to lead - Health is a Human Right
   (C) Nurses : A Voice to lead - Nursing the World to Health
   (D) ત્રણમાંથી કોઈ નહિ **(C)**

4. PPE કિટને સંપૂર્ણ સુરક્ષિત બનાવતા ભારતના પ્રથમ હોટ એર સીમ સિલિંગ મશીનનું ભારતના કયા રાજ્યમાં નિર્માણ કરવામાં આવ્યું છે ?
   (A) મહારાષ્ટ્ર (B) ગુજરાત (C) તમિલનાડુ (D) કેરળ **(B)**

5. PPE કિટને સંપૂર્ણ સુરક્ષિત બનાવતા ભારતના પ્રથમ હોટ એર સીમ સિલિંગ મશીનનું ગુજરાતના કયા શહેરમાં નિર્માણ કરવામાં આવ્યું છે ?
   (A) અમદાવાદ (B) રાજકોટ (C) વડોદરા (D) સુરત **(B)**

6. PPE કિટને સંપૂર્ણ સુરક્ષિત બનાવતા ભારતના પ્રથમ હોટ એર સીમ સિલિંગ મશીનનું ગુજરાતમાં રાજકોટ ખાતે આવેલી કઈ કંપની દ્વારા નિર્માણ કરવામાં આવ્યું છે ?
   (A) જ્યોતિ CNC પ્રાઈવેટ લિમિટેડ (B) મેનકાઈન્ડ CNC પ્રાઈવેટ લિમિટેડ
   (C) મેકપાવર CNC મશીન્સ લિમિટેડ (D) મેનપવાર CNC મશીન્સ લિમિટેડ **(C)**

7. 11 મે 2020ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ભારતના પ્રથમ હોટ એર સીમ સિલિંગ મશીનનું વીડિયો કોન્ફરન્સ દ્વારા કયાંથી લોન્ચિંગ કરાવ્યું હતું ?
   (A) રાજકોટ (B) અમદાવાદ
   (C) ગાંધીનગર (D) ત્રણમાંથી કોઈ નહિ **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

8. કોરોના લોકડાઉન દરમિયાન સૌથી વધુ શ્રમિકોને પોતાના વતન મોકલવામાં 7 મે 2020 સુધી સમગ્ર દેશમાં કયું રાજ્ય પ્રથમ ક્રમે હતું ?
   (A) મહારાષ્ટ્ર (B) કર્ણાટક (C) ગુજરાત (D) કેરળ **(C)**

9. COVID-19ની ઈન્ટરનેશનલ ક્લિનિકલ ટ્રાયલ 'સોલિડારિટી ટ્રાયલ' માટે ગુજરાતમાં સૌપ્રથમ કઈ હોસ્પિટલને મંજૂરી આપવામાં આવી છે ?
   (A) એસ. વી. પી., અમદાવાદ
   (B) પી.ડી.યુ. મેડિકલ કોલેજ, રાજકોટ
   (C) જી.એમ.ઈ.આર.એસ. મેડિકલ કોલેજ ગોત્રી, વડોદરા
   (D) બી. જે. મેડિકલ કોલેજ, અમદાવાદ **(D)**

**13 MAY, 2020 WEDNESDAY**

## ➤ કોરોના સામે જંગ જીતવા ભારતમાં રૂ. 20 લાખ કરોડના આર્થિક પેકેજની જાહેરાત




12 મે 2020ના રોજ ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**એ ભારતમાં કોરોના મહામારી સામેનો જંગ જીતવા માટે **રૂ. 20 લાખ કરોડ**ના આર્થિક પેકેજની જાહેરાત કરી છે.

- 12 મે 2020ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાષ્ટ્રજોગ સંબોધનમાં કરેલી આ જાહેરાતથી ભારતમાં ખેડૂતો, શ્રમિકો, મધ્યમવર્ગ, કુટિર ઉદ્યોગ, ગૃહ ઉદ્યોગ, લઘુ ઉદ્યોગ, MSME અને ઉદ્યોગ જગત એમ સમાજના દરેક વર્ગને લાભ થશે.
- રૂ. 20 લાખ કરોડના આ રાહત પેકેજમાં તાજેતરમાં સરકાર અને ભારતીય રિઝર્વ બેન્ક દ્વારા અપાયેલી રાહતોનો પણ સમાવેશ થઈ જાય છે.
- આ પેકેજમાં લેન્ડ, લેબર, લિક્વિડિટી અને લોને ધ્યાનમાં લેવાયાં છે.

## આ પેકેજનું કદ

ભારતમાં કેન્દ્ર સરકારે જાહેર કરેલું **રૂ. 20 લાખ કરોડનું** આ રાહત પેકેજ **ભારતના કુલ GDPનો** આશરે **10 ટકા હિસ્સો** ધરાવે છે.

- જ્યારે આ પેકેજ લગભગ **પાકિસ્તાનના કુલ GDP જેટલું** છે.
- ભારતે જાહેર કરેલું આ પેકેજ **વિયેતનામ, પોર્ટુગલ, ગ્રીસ, ન્યુઝીલેન્ડ** અને **રોમાનિયા** સહિતના વિશ્વના **149** દેશોના GDP કરતાં વધારે છે.
- ભારત સરકારે જાહેર કરેલી આ રકમ **ભારતના ટોચના 10** અબજોપતિઓની **કુલ સંપત્તિ કરતા બમણી** છે.

**નોંધ :** (1) કેન્દ્ર સરકારે જાહેર કરેલા આ રાહત પેકેજની રકમ એટલી મોટી છે કે તેમાંથી દેશના **700 જિલ્લાઓમાં 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'નું** નિર્માણ થઈ શકે છે.

(2) **ભારત** ઉપરાંત **સિંગાપોર, હોંગકોંગ** અને **ઓસ્ટ્રેલિયાએ** પણ તેમના **GDPના 10 ટકા** જેટલી રકમના રાહત પેકેજની જાહેરાત કરી છે.

(3) જ્યારે **જાપાને** તેના **GDPના 20 ટકા** રકમના રાહત પેકેજની જાહેરાત કરી છે.

(4) **GDPનું** પૂરું નામ **Gross Domestic Product (કુલ ઘરેલું ઉત્પાદન)** છે.

## કયા અભિયાન અંતર્ગત આ પેકેજની જાહેરાત કરવામાં આવી છે ?

ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ **'આત્મનિર્ભર ભારત અભિયાન'** અંતર્ગત આ રાહત પેકેજની જાહેરાત કરી છે.

## આત્મનિર્ભર ભારત અભિયાન

- કોરોના મહામારીની વૈશ્વિક સ્થિતિમાં આફતને અવસરમાં પલટવા માટે 12 મે 2020ના રોજ ભારતમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ **'આત્મનિર્ભર ભારત અભિયાન'**ની જાહેરાત કરી હતી.

ICE CURRENT NEWS
કરંટ અફેર્સની તૈયારી હવે
વધુ સરળ અને ઝડપી બનાવવા
આજે જ સબસ્ક્રાઈબ કરો
અમારી YouTube ચેનલ
YouTube
ICE RAJKOT
SUBSCRIBE
દરેક નવા વીડિયોના NOTIFICATION
માટે BELL icon PRESS કરો.

## ભારતની આત્મનિર્ભરતાના પાંચ પિલર્સ

'આત્મનિર્ભર ભારત અભિયાન' અંતર્ગત ભારતને આત્મનિર્ભર બનાવવા માટે મહત્ત્વના <u>પાંચ પિલર્સ</u> પર ફોકસ કરવાની વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જાહેરાત કરી હતી.

- ભારતને આત્મનિર્ભર બનાવવા માટે અગત્યના પાંચ પિલર્સ આ પ્રમાણે છે :
  - (1) Economy (અર્થતંત્ર)
  - (2) Infrastructure (માળખાગત સુવિધા)
  - (3) System (વ્યવસ્થા)
  - (4) Vibrant Demography (ગતિશીલ વસતી)
  - (5) Demand (માંગ)
- **Economy :** એક એવી ઈકોનોમી જે ઈન્ક્રીમેન્ટલ ચેન્જ નહિ પણ ક્વોન્ટમ જમ્પ લાવે.
- **Infrastructure :** એક એવું ઈન્ફાસ્ટ્રક્ચર જે આધુનિક ભારતની ઓળખ બને.
- **System :** એક એવી સિસ્ટમ જે વિતેલી સદીની રીતિ નહિ પણ 21મી સદીની ટેક્નોલોજી ડ્રિવન વ્યવસ્થા ઉપર આધારિત હોય.
- **Vibrant Demography :** વિશ્વની સૌથી મોટી લોકશાહીની ડેમોગ્રાફી આત્મનિર્ભર ભારત માટે આપણી ઊર્જાનો સ્ત્રોત હોય.
- **Demand :** તેના ચક્ર અને તેની તાકાતનો ઉપયોગ કરવાની હવે જરૂર છે.

**નોંધ :** વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જાહેર કરેલા આ 'આત્મનિર્ભર ભારત અભિયાન'નો મુખ્ય ઉદ્દેશ <u>21મી સદીને ભારતની સદી બનાવવાનો</u> છે.

ICE FOR COMPETITIVE EXAMS

## ➤ 'મુખ્યમંત્રી કોરોના વોરિયર્સ સન્માન યોજના' અંતર્ગત ગુજરાતમાં કોરોના વોરિયર્સને માનદ વેતન અપાશે



ગુજરાત સરકારના આરોગ્ય વિભાગ દ્વારા તાજેતરમાં ગુજરાતમાં <u>'મુખ્યમંત્રી કોરોના વોરિયર્સ સન્માન યોજના'</u>ની જાહેરાત કરવામાં આવી છે.

- આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ ગુજરાતમાં કોરોના મહામારી સામે ઝઝૂમી રહેલા આરોગ્ય કર્મીઓના પ્રોત્સાહન માટે તેમને પ્રોત્સાહક માનદ વેતન આપવાનો છે.
- આ યોજના અંતર્ગત ગુજરાતમાં કોવિડ હોસ્પિટલોમાં ફરજ બજાવી રહેલા ડોકટરો, નર્સિંગ સ્ટાફ સહિતના કર્મચારીઓને પ્રોત્સાહન રૂપે <u>એક વખત માનદ વેતન</u> આપવામાં આવશે.
- આ અંતર્ગત વિવિધ આરોગ્ય કર્મીઓને પ્રોત્સાહન રૂપે નીચે પ્રમાણેની રકમ એક વાર આપવામાં આવશે :

| ક્રમ | પોસ્ટ | માનદ વેતન (રૂપિયામાં) |
|---|---|---|
| 1 | ક્લાસ 1-2 તબીબ અધિકારીઓ | 25,000 |
| 2 | નર્સિંગ સ્ટાફ, લેબ ટેક્નિશિયન, લેબ આસિસ્ટન્ટ અને ફાર્માસિસ્ટ કર્મચારીઓ(વર્ગ-3) | 15,000 |
| 3 | સફાઈ કર્મચારીઓ | 10,000 |
| 4 | આઉટ સોર્સિંગ અને ફિકસ પગારમાં સેવા આપતા વર્ગ 3 અને વર્ગ 4ના કર્મચારીઓ | 5,000 |

### આ યોજનાનો લાભ કોને મળશે ?

ગુજરાત સરકાર દ્વારા આ લાભ ગુજરાત સરકાર દ્વારા ઉભી કરાયેલી નીચેની હોસ્પિટલો અને સેન્ટરોના કર્મચારીઓને મળશે :

(1) 87 કોવિડ હોસ્પિટલ

(2) 140 કોવિડ કેર સેન્ટર

(3) 48 ડેડિકેટેડ કોવિડ હેલ્થ સેન્ટર

- ઉપરોકત હોસ્પિટલ કે સેન્ટરમાં **30 દિવસ કે તેથી વધુ સમય** સુધી કામગીરી કરી હોય તેવા કર્મચારીને આ માનદ વેતન મળશે.

**નોંધ :** (1) કોરોના વોરિયર્સને આ માનદ વેતન ઉપરાંત તેમની સર્વોત્તમ અને ઉત્કૃષ્ટ કામગીરીની કદર રૂપે મુખ્યમંત્રીશ્રીના હસ્તાક્ષરવાળું ખાસ પ્રશસ્તિ પત્ર પણ આપવામાં આવશે.

(2) આ યોજના ગુજરાતના **પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર** તથા **સામૂહિક આરોગ્ય કેન્દ્ર**ના કર્મચારીઓ માટે લાગુ નહિ પડે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ ગુજરાતની ઝાયડસ કેડિલા COVID-19 પરીક્ષણ માટે સ્વદેશી એન્ટીબોડી ટેસ્ટ કિટનું ઉત્પાદન કરનાર ભારતની પ્રથમ કંપની બનશે

ગુજરાતની પ્રસિદ્ધ ફાર્મા કંપની **ઝાયડસ કેડિલા (Zydus Cadila)** અથવા તો **કેડિલા હેલ્થકેર લિમિટેડ (Cadilahealth Care Ltd.)**ને COVID-19 પરીક્ષણ માટે **સ્વદેશી એન્ટીબોડી ટેસ્ટ કિટનું** ઉત્પાદન કરવાની મંજૂરી આપવામાં આવી છે.

- આ સાથે જ **ઝાયડસ કેડિલા** COVID-19 પરીક્ષણ માટે સ્વદેશી એન્ટીબોડી ટેસ્ટ કિટનું ઉત્પાદન કરનાર **ભારતની પ્રથમ કંપની** બનશે.

- ઝાયડસ કેડિલાના **અમદાવાદ**ના **મોરૈયા** ખાતે આવેલા પ્લાન્ટમાં આ ઉત્પાદન શરૂ કરવામાં આવશે.
- આ ટેસ્ટ કિટનું નામ **'કોવિડ કવચ એલિશા' (COVID Kavach ELISA)** છે.

## COVID Kavach ELISA

**ICMR (Indian Council of Medical Research)**ની **પૂણે** ખાતે આવેલી **National Institute of Virology (NIV)** દ્વારા **'કોવિડ કવચ એલિશા'** નામની આ **એન્ટિબોડી કિટ** વિકસાવવામાં આવી છે.

- અને પૂણેની ICMR NIV દ્વારા આ કિટની ટેક્નોલોજી **ઝાયડસ કેડિલા**ને ટ્રાન્સફર કરવામાં આવી છે.
- અને હવે ઝાયડસ કેડિલા દ્વારા આ કિટનું મોટા પાયે ઉત્પાદન કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

**1.** 12 મે 2020ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતમાં કોરોના મહામારી સામેની લડત માટે કુલ કેટલા રૂપિયાના આર્થિક પેકેજની જાહેરાત કરી છે ?

(A) રૂ. 10 લાખ કરોડ (B) રૂ. 15 લાખ કરોડ
(C) રૂ. 20 લાખ કરોડ (D) રૂ. 25 લાખ કરોડ **(C)**

**2.** ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતમાં કોરોના મહામારી સામેની લડત માટે રૂ. 20 લાખ કરોડના રાહત પેકેજની જાહેરાત કરી છે...આ પેકેજ ભારતના કુલ GDPનો આશરે કેટલા ટકા હિસ્સો ધરાવે છે ?

(A) 5 (B) 10 (C) 15 (D) 20 **(B)**

**3.** 12 મે 2020ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કયા અભિયાન અંતર્ગત રૂ. 20 લાખ કરોડના આર્થિક પેકેજની જાહેરાત કરી છે ?

(A) કોરોના નિવારણ અભિયાન (B) આત્મનિર્ભર ભારત અભિયાન
(C) ભારત સશક્તિકરણ અભિયાન (D) આત્મ સશક્ત ભારત અભિયાન **(B)**

4. ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જાહેર કરેલા 'આત્મનિર્ભર ભારત અભિયાન'ના 'પાંચ પિલર્સ'માં નીચેનામાંથી શેનો સમાવેશ થાય છે ?
(A) અર્થતંત્ર, માળખાગત સુવિધા, વ્યવસ્થા, વસતી, આવક
(B) અર્થતંત્ર, માળખાગત સુવિધા, વ્યવસ્થા, વસતી, ખર્ચ
(C) અર્થતંત્ર, માળખાગત સુવિધા, વ્યવસ્થા, વસતી, માંગ
(D) અર્થતંત્ર, માળખાગત સુવિધા, વ્યવસ્થા, વસતી, ઉદ્યોગ
**(C)**

5. ગુજરાતમાં કોવિડ હોસ્પિટલોમાં ફરજ બજાવી રહેલા કોરોના વોરિયર્સને પ્રોત્સાહક માનદ વેતન આપવા ગુજરાત સરકારે કઈ યોજનાની જાહેરાત કરી છે ?
(A) મુખ્યમંત્રી કોરોના વોરિયર્સ પ્રોત્સાહક યોજના
(B) મુખ્યમંત્રી કોરોના વોરિયર્સ સન્માન યોજના
(C) મુખ્યમંત્રી કોરોના વોરિયર્સ સહાય યોજના
(D) મુખ્યમંત્રી કોરોના વોરિયર્સ પ્રોત્સાહન યોજના
**(B)**

6. 'મુખ્યમંત્રી કોરોના વોરિયર્સ સન્માન યોજના' અંતર્ગત ગુજરાતમાં ક્લાસ 1-2 તબીબ અધિકારીઓને કેટલા રૂપિયાનું પ્રોત્સાહક માનદ વેતન આપવામાં આવશે ?
(A) 50,000 (B) 40,000 (C) 30,000 (D) 25,000
**(D)**

7. 'મુખ્યમંત્રી કોરોના વોરિયર્સ સન્માન યોજના' અંતર્ગત ગુજરાતમાં નર્સિંગ સ્ટાફ, લેબ ટેકિનશિયન, લેબ આસિસ્ટન્ટ અને ફાર્માસિસ્ટ જેવા વર્ગ-3ના અધિકારીઓને કેટલા રૂપિયાનું પ્રોત્સાહક માનદ વેતન આપવામાં આવશે ?
(A) 25,000 (B) 20,000 (C) 15,000 (D) 10,000
**(C)**

8. 'મુખ્યમંત્રી કોરોના વોરિયર્સ સન્માન યોજના' અંતર્ગત ગુજરાતમાં સફાઈ કર્મચારીઓને કેટલા રૂપિયાનું પ્રોત્સાહક માનદ વેતન આપવામાં આવશે ?
(A) 15,000 (B) 10,000 (C) 7,000 (D) 5,000
**(B)**

9. 'મુખ્યમંત્રી કોરોના વોરિયર્સ સન્માન યોજના' અંતર્ગત ગુજરાતમાં આઉટ સોર્સિંગ અને ફિક્સ પગારમાં સેવા આપતા વર્ગ-3 અને વર્ગ-4ના કર્મચારીઓને કેટલા રૂપિયાનું પ્રોત્સાહક માનદ વેતન આપવામાં આવશે ?
(A) 15,000 (B) 10,000 (C) 7,000 (D) 5,000
**(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

10. COVID-19 પરીક્ષણ માટે સ્વદેશી એન્ટીબોડી ટેસ્ટ કિટનું ઉત્પાદન કરનાર ભારતની પ્રથમ કંપની કઈ છે ?
(A) ઝાયડસ કેડિલા (B) સન ફાર્મા
(C) સિપ્લા લિમિટેડ (D) લ્યુપિન લિમિટેડ **(A)**

11. ICMRની કઈ જગ્યાએ આવેલી નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ વાયરોલોજી (NIV) નામની સંસ્થા દ્વારા ભારતની પ્રથમ સ્વદેશી એન્ટિબોડી કિટ વિકસાવવામાં આવી છે ?
(A) દિલ્હી (B) મુંબઈ (C) પૂણે (D) બેંગાલુરુ **(C)**

12. પૂણે ખાતે આવેલી ICMRની નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ વાયરોલોજી (NIV) નામની સંસ્થા દ્વારા વિકસાવવામાં આવેલી ભારતની પ્રથમ સ્વદેશી એન્ટિબોડી કિટનું નામ શું છે ?
(A) કોવિડ કવચ એલિસા (B) કોવિડ કવચ સુરક્ષા
(C) કોવિડ કવચ એલિના (D) કોવિડ કવચ રક્ષા **(A)**

## 14 MAY, 2020 THURSDAY

### ➤ 'આત્મનિર્ભર ભારત અભિયાન' અંતર્ગત ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવેલી મહત્ત્વની જાહેરાતો : ભાગ-1



12 મે 2020ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કોરોના મહામારી સામે લડવા માટે ભારતમાં 'આત્મનિર્ભર ભારત અભિયાન' (Self-Reliant India Movement) અંતર્ગત કુલ રૂ. 20 લાખ કરોડના આર્થિક પેકેજની જાહેરાત કરી હતી.

- આ અંતર્ગત 13 મે 2020ના રોજ ભારતના નાણા મંત્રી સુશ્રી નિર્મલા સિતારામને નીચે પ્રમાણેની મહત્ત્વની જાહેરાતો કરી હતી :

**(1) MSME સહિત બિઝનેસ માટે રૂ. 3 લાખ કરોડની લોનની જાહેરાત**

કેન્દ્ર સરકારે MSME સહિતના બિઝનેસ માટે રૂ. 3 લાખ કરોડની કોલેટરલ ફ્રી ઓટોમેટિક લોનની જાહેરાત કરી છે.

- આથી, ભારતમાં કોરોના મહામારીને કારણે ઠપ થયેલા બિઝનેસ–MSMEને પોતાનો વ્યાપાર ફરીથી શરૂ કરવા માટે અથવા તો રો મટિરિયલ ખરીદવા માટે કોઈ ગેરંટી ફી કે ગેરંટર વગર લોન મળી રહેશે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- રૂ. 25 કરોડ સુધીની લોન બાકી હોય તેવા અને રૂ. 100 કરોડનું ટર્નઓવર ધરાવતા બિઝનેસ–MSMEને આ લોનનો લાભ મળશે.
- આ લોનની મુદત 4 વર્ષની રહેશે. જેમાં 1 વર્ષ માટે પ્રિન્સિપલ રિપેમેન્ટમાંથી મુકિત મળશે.
- આ લોન માટે MSME કે બિઝનેસને કોઈ ગેરંટી ફી કે નવા ગેરંટરની જરૂર નથી.
- પ્રિન્સિપલ અને ઈન્ટરેસ્ટ પર બેન્કો અને NBFCને 100 ટકા ક્રેડિટ ગેરંટી સરકાર તરફથી આપવામાં આવશે. એટલે કોઈ કંપની લોન ન ભરે તો સરકાર બેન્ક અથવા તો NBFCને નાણાં ચૂકવશે.
- આ યોજના 31 ઓક્ટોબર 2020 સુધી અમલમાં રહેશે.
- સરકારના આ નિર્ણયથી દેશમાં 45 લાખ એકમોને લાભ થશે.

### (2) સમયસર લોન ન ચૂકવી શકયા હોય તેવા MSME એકમો માટે રૂ. 20,000 કરોડની લોનની જાહેરાત

જેમનો વ્યાપાર હાલ ચાલુ હોય અને જેઓ અગાઉ સમયસર લોન ચૂકવી શકયા ન હોય તેવા NPA (Non Performing Asset) અથવા તો Stressed MSME એકમો માટે કેન્દ્ર સરકારે રૂ. 20,000 કરોડની લોનની જાહેરાત કરી છે.

- સરકારના આ નિર્ણયથી દેશના 2 લાખ જેટલા માંદા MSME એકમોને લાભ થશે.

### (3) MSMEના વિકાસ માટે રૂ. 50,000 કરોડની મૂડી ઉપલબ્ધ કરાવાશે

ભારતમાં MSME સેકટરના વિકાસ માટે રૂ. 50,000 કરોડનું ફંડિંગ ઉપલબ્ધ કરાવવાનો સરકારે નિર્ણય કર્યો છે.

- સરકારના આ નિર્ણયથી ભારતમાં MSME સેકટરના વિકાસમાં મદદ મળશે.

### (4) MSMEની વ્યાખ્યામાં ફેરફાર કરીને MSME એકમોની નવી વ્યાખ્યા નિર્ધારિત કરાઈ

રોકાણ વધવાના કારણે MSME દરજ્જો ચાલ્યો જવાથી ઉદ્યોગોને MSME અંતર્ગત મળતા લાભો મળવાના બંધ થઈ જાય છે.

- આથી, આ સમસ્યાના ઉકેલ માટે અને ભારતમાં ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટે MSME એકમોની નવી વ્યાખ્યા નિર્ધારિત કરવામાં આવી છે.
- અને આ નવી વ્યાખ્યામાં MSMEની મૂડી રોકાણની મર્યાદા વધારવામાં આવી છે.
- અને તેમાં રોકાણ ઉપરાંત ટર્નઓવરના વધારાના માપદંડ પણ દાખલ કરાયા છે. આ અગાઉ માત્ર રોકાણને આધારે જ MSMEની વ્યાખ્યા થતી હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આ ઉપરાંત MSMEની વ્યાખ્યામાં **મેન્યુફેક્ચરિંગ અને સર્વિસ સેક્ટર વચ્ચેનો તફાવત નાબૂદ કરવામાં આવ્યો છે.**
- એટલે કે ભારતમાં આ અગાઉ મેન્યુફેક્ચરિંગ સેક્ટર અને સર્વિસ સેક્ટરના MSME એકમોની વ્યાખ્યા અલગ અલગ રીતે થતી હતી.
- હવે આ બંને માટે એક સમાન માપદંડ નિર્ધારિત કરવામાં આવ્યા છે.
- ભારતમાં MSME (Micro, Small and Medium Enterprises) ઉદ્યોગની જૂની અને નવી વ્યાખ્યાઓ આ પ્રમાણે છે :

**MSMEની જૂની વ્યાખ્યા**

**Criteria (માપદંડ) : પ્લાન્ટ, સાધન અથવા મશીનરીમાં રોકાણ**

| ક્રમ | વર્ગીકરણ | Micro | Small | Medium |
|---|---|---|---|---|
| 1 | મેન્યુફેક્ચરિંગ સાહસો | રૂ. 25 લાખથી ઓછું રોકાણ | રૂ. 5 કરોડથી ઓછું રોકાણ | રૂ. 10 કરોડથી ઓછું રોકાણ |
| 2 | સર્વિસ સેક્ટર સાહસો | રૂ. 10 લાખથી ઓછું રોકાણ | રૂ. 2 કરોડથી ઓછું રોકાણ | રૂ. 5 કરોડથી ઓછું રોકાણ |

**MSMEની નવી વ્યાખ્યા**

**Composite Criteria (સંયુક્ત માપદંડ) : રોકાણ અને વાર્ષિક ટર્નઓવર**

| ક્રમ | વર્ગીકરણ | Micro | Small | Medium |
|---|---|---|---|---|
| 1 | મેન્યુફેક્ચરિંગ અને સર્વિસ સેક્ટરના સાહસો | રૂ. 1 કરોડથી ઓછું રોકાણ અને રૂ. 5 કરોડથી ઓછું ટર્નઓવર | રૂ. 10 કરોડથી ઓછું રોકાણ અને રૂ. 50 કરોડથી ઓછું ટર્નઓવર | રૂ. 20 કરોડથી ઓછું રોકાણ અને રૂ. 100 કરોડથી ઓછું ટર્નઓવર |

**નોંધ :** MSME એકમોની ઉપરોક્ત વ્યાખ્યામાં બદલાવ માટે કાયદામાં જરૂરી સુધારા કરવામાં આવશે.

### (5) રૂપિયા 200 કરોડ સુધીનું ટેન્ડર હવે ગ્લોબલ ટેન્ડર ગણાશે નહિ

ભારતમાં 'આત્મનિર્ભર ભારત અભિયાન' અંતર્ગત 'Make in India'ને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્ર સરકારે એક ખૂબ જ અગત્યનો નિર્ણય કર્યો છે.

- સરકારના આ નિર્ણય અંતર્ગત ભારતમાં **રૂપિયા 200 કરોડ સુધીનું ટેન્ડર** હવે **'ગ્લોબલ ટેન્ડર' ગણાશે નહિ.**

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- આથી, ભારતમાં હવે રૂ. 200 કરોડની રકમ સુધીના ટેન્ડર ફક્ત ભારતીય કંપનીઓને જ મળશે.
- સરકારના આ નિર્ણયથી ભારતની MSME તથા અન્ય કંપનીઓને વિદેશી કંપનીની સ્પર્ધાથી રાહત થશે.

## (6) MSME સેક્ટર માટેની અન્ય કેટલીક જાહેરાતો

કેન્દ્ર સરકારે MSME સેક્ટર માટે કરેલી અન્ય કેટલીક જાહેરાતો આ પ્રમાણે છે :

- ટ્રેડ ફેર અને પ્રદર્શનોના સ્થળે MSMEને પ્રમોટ કરવા <u>ઈ-માર્કેટ લિંક</u> શરૂ કરાશે.
- ઈ–માર્કેટ પ્લેસ દ્વારા એકઠા કરાયેલા ડેટાનો ઉપયોગ કરીને ટ્રાન્જેક્શન આધારિત ધિરાણને પ્રોત્સાહન અપાશે.
- સરકાર અને જાહેર ક્ષેત્રના એકમો પાસેથી MSMEના બાકી લેણાં 45 દિવસમાં રિલીઝ કરવામાં આવશે.

## (7) કંપનીઓ અને કામદારોને વધુ 3 મહિના માટે રૂ. 2500 કરોડની EPF સહાય

ભારતમાં આ અગાઉ <u>'વડાપ્રધાન ગરીબ કલ્યાણ યોજના'</u> અંતર્ગત કેન્દ્ર સરકાર દ્વારા <u>માર્ચ, એપ્રિલ અને મે 2020</u> એમ <u>3 મહિના</u> માટે કંપનીઓના કામદારોના EPFનો 12-12 (= કુલ 24) ટકા હિસ્સો ચૂકવવામાં આવ્યો હતો.

- કેન્દ્ર સરકારે હવે <u>જૂન, જુલાઈ અને ઓગસ્ટ, 2020</u> માટે પણ EPFના નાણાં જમા કરાવવાનો નિર્ણય કર્યો છે.
- સરકારના આ નિર્ણયથી 3.67 લાખ કંપનીના 72 લાખ જેટલા કર્મચારીઓને રૂ. 2500 કરોડની રાહત થશે.
- <u>100 કર્મચારી</u> ધરાવતી કંપનીના <u>15000 રૂપિયાથી ઓછા પગાર</u> ધરાવતા કામદારોને આ યોજનાનો લાભ મળશે.

**નોંધ :** (1) કંપનીના કર્મચારીના પગારમાંથી દર મહિને <u>12 ટકા</u> રકમ EPF (Employees Provident Fund)માં જમા થાય છે. તેની સામે જેતે <u>કંપની</u> પણ કર્મચારીના EPF ખાતામાં <u>12 ટકા</u> રકમ જમા કરાવે છે.

(2) આ બંને રકમ માર્ચથી ઓગસ્ટ 2020 સુધીના સમય દરમિયાન સરકાર જમા કરાવશે.

## (8) આગામી ત્રણ મહિના માટે EPFનો હિસ્સો 12 ટકાથી ઘટાડી 10 ટકા કરાયો

કોરોના મહામારી દરમિયાન આગામી ત્રણ મહિના માટે કંપનીઓને ઉત્પાદન વધારવા માટે આર્થિક સહાય મળી રહે તે માટે અને કર્મચારીઓને વધારે પગાર મળે તે માટે કેન્દ્ર સરકારે એક મહત્ત્વનો નિર્ણય કર્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- સરકારના આ નિર્ણય અનુસાર આગામી ત્રણ મહિના માટે એટલે કે <u>જૂન, જુલાઈ અને ઓગસ્ટ, 2020</u> દરમિયાન કંપની તથા કર્મચારીઓએ EPFમાં <u>12 ટકા</u>ની જગ્યાએ તેમના પગારની <u>10 ટકા</u> રકમ જમા કરાવવાની રહેશે.
- સરકારના આ નિર્ણયથી કંપની તથા કર્મચારીઓને <u>રૂ. 6,750 કરોડ</u>નો લિક્વિડિટી સપોર્ટ મળશે.
- <u>'વડાપ્રધાન ગરીબ કલ્યાણ યોજના'</u> અંતર્ગત જેમને <u>12-12 = કુલ 24 ટકા</u> EPFનો લાભ સરકાર દ્વારા ન મળતો હોય તેવા કર્મચારીઓ અને કંપનીઓને સરકારના આ નિર્ણયનો લાભ મળશે.

**(9) NBFC, HFC અને MFI માટે રૂ. 30,000 કરોડની સ્પેશિયલ લિક્વિડિટી સ્કીમ**

<u>NBFC</u> (Non Banking Financial Company) HFC (Housing Finance Company), અને <u>MFI</u> (Micro Finance Institutions)માં નાણાંનો પ્રવાહ વધારવા માટે કેન્દ્ર સરકારે <u>રૂ. 30,000 કરોડ</u>ની <u>સ્પેશિયલ લિક્વિડિટી સ્કીમ</u>ની જાહેરાત કરી છે.

**(10) NBFC માટે રૂ. 45,000 કરોડની આંશિક ક્રેડિટ ગેરંટી સ્કીમ**

- <u>NBFC</u>ની લિક્વિડિટી વધારવા માટે વર્તમાન <u>આંશિક ક્રેડિટ ગેરન્ટી સ્કીમ</u>ને લંબાવવામાં આવશે જેથી દેવાના જોખમોને કવર કરી શકાય.
- સરકારની આ યોજનાથી <u>NBFC</u> માટે <u>રૂ. 45,000 કરોડ</u>ની લિક્વિડિટી ઉભી થશે.

**(11) સરકારના અન્ય મહત્ત્વના નિર્ણયો**

- <u>PFC અને REC</u> દ્વારા <u>પાવર ડિસ્ટ્રિબ્યુશન કંપનીઓ (DISCOMs)</u> ને <u>રૂ. 90,000 કરોડ</u>નું ભંડોળ પૂરું પાડવામાં આવશે.
- તમામ <u>કોન્ટ્રાકટર્સો</u> માટે સેન્ટ્રલ એજન્સીઓના કાર્ય પૂરા કરવાની મુદતમાં <u>6 માસનો વધારો</u> કરવામાં આવ્યો છે.
- <u>RERA</u> હેઠળના <u>રિયલ એસ્ટેટ પ્રોજેક્ટસ</u>ના રજિસ્ટ્રેશન અને પૂર્ણ થવાની તારીખો પણ <u>6 મહિના</u> જેટલી લંબાવવામાં આવી છે.
- <u>TDS અને TCS</u>ના વર્તમાન દરમાં <u>25 ટકાનો ઘટાડો</u> કરવામાં આવ્યો છે. TDS અને TCSના આ નવા દર <u>14 મે 2020થી 31 માર્ચ 2021</u> સુધી અમલમાં રહેશે. સરકારના આ નિર્ણયથી <u>રૂ. 50,000 કરોડ</u>ની લિક્વિડિટી ઉભી થશે.
- <u>'વિવાદથી વિશ્વાસ યોજના'</u>ની મુદત વધારીને <u>31 ડિસેમ્બર, 2020</u> કરવામાં આવી છે.
- નાણાકીય વર્ષ <u>2019-20</u>ના <u>આઈટી રિટર્ન</u> ફાઈલ કરવાની અંતિમ તારીખ વધારીને <u>30 નવેમ્બર 2020</u> કરવામાં આવી છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ICE Questions

1. કેન્દ્ર સરકારના રૂ. 20 લાખ કરોડના આર્થિક પેકેજ અંતર્ગત 13 મે 2020ના રોજ કેન્દ્ર સરકારે MSME સહિતના બિઝનેસ માટે કેટલા રૂપિયાની કોલેટરલ ફ્રી ઓટોમેટિક લોનની જાહેરાત કરી હતી ?

(A) રૂ. 1 લાખ કરોડ (B) રૂ. 2 લાખ કરોડ
(C) રૂ. 3 લાખ કરોડ (D) રૂ. 4 લાખ કરોડ **(C)**

2. 13 મે 2020ના રોજ કેન્દ્ર સરકારે જાહેર કરેલી MSME ઉદ્યોગ માટેની રૂ. 3 લાખ કરોડની લોનના સંદર્ભમાં નીચેનામાંથી કયું / કયા વિધાનો સાચા છે ?

1. 25 કરોડ સુધીની લોન બાકી હોય તેવા અને રૂ. 100 કરોડનું ટર્નઓવર ધરાવતા બિઝનેસ–MSMEને આ લોનનો લાભ મળશે.
2. આ લોનની મુદત 4 વર્ષની રહેશે.
3. આ લોનની 100 ટકા ક્રેડિટ ગેરંટી સરકાર તરફથી આપવામાં આવશે.
4. આ યોજના 31 ઓક્ટોબર 2020 સુધી અમલમાં રહેશે.

Ans. (A) 1, 2, 3, 4 (B) 1, 2, 3 (C) 2, 3, 4 (D) 2, 4 **(A)**

3. રૂ. 20 લાખ કરોડના આર્થિક પેકેજ અંતર્ગત NPA અને Stressed MSME એકમો માટે અથવા તો અગાઉ સમયસર લોન ચૂકવી શક્યા ન હોય તેવા MSME એકમો માટે કેન્દ્ર સરકારે કેટલા રૂપિયાની લોનની જાહેરાત કરી છે ?

(A) રૂ. 3 લાખ કરોડ (B) રૂ. 50,000 કરોડ
(C) રૂ. 30,000 કરોડ (D) રૂ. 20,000 કરોડ **(D)**

4. તાજેતરમાં કેન્દ્ર સરકારે કરેલી MSMEની નવી વ્યાખ્યાના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?

1. MSMEની નવી વ્યાખ્યામાં મૂડી રોકાણની મર્યાદામાં વધારો કરવામાં આવ્યો છે.
2. તેમાં મૂડી રોકાણ ઉપરાંત ટર્નઓવરનો નવો માપદંડ ઉમેરવામાં આવ્યો છે.
3. તેમાં મેન્યુફેક્ચરિંગ સેકટર અને સર્વિસ સેકટર વચ્ચેનો તફાવત નાબૂદ કરવામાં આવ્યો છે.

Ans. (A) 1, 2, 3 (B) 1, 2 (C) 2, 3 (D) 1, 3 **(A)**

5. કેન્દ્ર સરકારે કરેલી MSMEની નવી વ્યાખ્યા અનુસાર ભારતમાં મેન્યુફેક્ચરિંગ અને સર્વિસ સેકટરના કયા સાહસો Micro (સૂક્ષ્મ) સાહસો ગણાશે ?

(A) રૂ. 50 લાખથી ઓછું રોકાણ અને રૂ. 1 કરોડથી ઓછું ટર્નઓવર ધરાવતા સાહસો
(B) રૂ. 1 કરોડથી ઓછું રોકાણ અને રૂ. 3 કરોડથી ઓછું ટર્નઓવર ધરાવતા સાહસો
(C) રૂ. 1 કરોડથી ઓછું રોકાણ અને રૂ. 5 કરોડથી ઓછું ટર્નઓવર ધરાવતા સાહસો
(D) રૂ. 1 કરોડથી ઓછું રોકાણ અને રૂ. 10 કરોડથી ઓછું ટર્નઓવર ધરાવતા સાહસો **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

6. કેન્દ્ર સરકારે કરેલી MSMEની નવી વ્યાખ્યા અનુસાર ભારતમાં મેન્યુફેકચરિંગ અને સર્વિસ સેકટરના કયા સાહસો Small (લઘુ) સાહસો ગણાશે ?
(A) રૂ. 5 કરોડથી ઓછું રોકાણ અને રૂ. 10 કરોડથી ઓછું ટર્નઓવર ધરાવતા સાહસો
(B) રૂ. 10 કરોડથી ઓછું રોકાણ અને રૂ. 50 કરોડથી ઓછું ટર્નઓવર ધરાવતા સાહસો
(C) રૂ. 15 કરોડથી ઓછું રોકાણ અને રૂ. 50 કરોડથી ઓછું ટર્નઓવર ધરાવતા સાહસો
(D) રૂ. 20 કરોડથી ઓછું રોકાણ અને રૂ. 100 કરોડથી ઓછું ટર્નઓવર ધરાવતા સાહસો (B)

7. કેન્દ્ર સરકારે કરેલી MSMEની નવી વ્યાખ્યા અનુસાર ભારતમાં મેન્યુફેકચરિંગ અને સર્વિસ સેકટરના કયા સાહસો Small (મધ્યમ) સાહસો ગણાશે ?
(A) રૂ. 15 કરોડથી ઓછું રોકાણ અને રૂ. 50 કરોડથી ઓછું ટર્નઓવર ધરાવતા સાહસો
(B) રૂ. 20 કરોડથી ઓછું રોકાણ અને રૂ. 100 કરોડથી ઓછું ટર્નઓવર ધરાવતા સાહસો
(C) રૂ. 25 કરોડથી ઓછું રોકાણ અને રૂ. 100 કરોડથી ઓછું ટર્નઓવર ધરાવતા સાહસો
(D) રૂ. 50 કરોડથી ઓછું રોકાણ અને રૂ. 100 કરોડથી ઓછું ટર્નઓવર ધરાવતા સાહસો (B)

8. 13 મે 2020ના રોજ કેન્દ્ર સરકારે કરેલી જાહેરાત અનુસાર ભારતમાં કેટલા રૂપિયા સુધીનું ટેન્ડર હવે 'ગ્લોબલ ટેન્ડર' ગણાશે નહિ ?
(A) 200 કરોડ (B) 300 કરોડ (C) 400 કરોડ (D) 500 કરોડ (A)

9. 'વડાપ્રધાન ગરીબ કલ્યાણ યોજના' અંતર્ગત કેન્દ્ર સરકારે માર્ચ, એપ્રિલ અને મે 2020 દરમિયાન કેટલીક કંપનીઓના કેટલાક કર્મચારીઓના EPFનો કર્મચારી તથા કંપની એમ બંનેનો કુલ કેટલા ટકા હિસ્સો ચૂકવ્યો હતો ?
(A) 12 ટકા (B) 15 ટકા (C) 20 ટકા (D) 24 ટકા (D)

10. 13 મે 2020ના રોજ કેન્દ્ર સરકારે મે 2020 બાદના કેટલા મહિના માટે કેટલીક કંપનીઓના કેટલાક કર્મચારીઓના EPFનો 12-12 ટકા હિસ્સો ચૂકવવાનો નિર્ણય કર્યો છે ?
(A) બે મહિના (B) ત્રણ મહિના
(C) પાંચ મહિના (D) ત્રણમાંથી કોઈ નહિ (B)

11. 13 મે 2020ના રોજ કેન્દ્ર સરકારે આગામી ત્રણ મહિના માટે EPFનો હિસ્સો 12 ટકાથી ઘટાડીને કેટલા ટકા કર્યો છે ?
(A) 10 ટકા (B) 9 ટકા (C) 8 ટકા (D) 6 ટકા (A)

12. રૂ. 20 લાખ કરોડના રાહત પેકેજ અંતર્ગત 13 મે 2020ના રોજ કેન્દ્ર સરકારે કરેલી જાહેરાત અનુસાર PFC અને REC દ્વારા પાવર ડિસ્ટ્રિબ્યુશન કંપનીઓ (DISCOMs)ને કેટલા રૂપિયાનું ભંડોળ પૂરું પાડવામાં આવશે ?
(A) રૂ. 50,000 કરોડ (B) રૂ. 70,000 કરોડ
(C) રૂ. 90,000 કરોડ (D) રૂ. 95,000 કરોડ **(C)**

13. 13 મે 2020ના રોજ કેન્દ્ર સરકારે કરેલી જાહેરાત અનુસાર ભારતમાં 31 માર્ચ 2021 સુધી TDS અને TCSના વર્તમાન દરમાં કેટલા ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે ?
(A) 15 ટકા (B) 20 ટકા (C) 25 ટકા (D) 30 ટકા **(C)**

14. 13 મે 2020ના રોજ કેન્દ્ર સરકારે કરેલી જાહેરાત અનુસાર ભારતમાં 'વિવાદથી વિશ્વાસ યોજના'ની મુદત કયાં સુધી લંબાવવામાં આવી છે ?
(A) 31 ઓગસ્ટ, 2020 (B) 31 ઓક્ટોબર, 2020
(C) 31 ડિસેમ્બર, 2020 (D) 31 માર્ચ, 2021 **(C)**

15. 13 મે 2020ના રોજ ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા તમામ કોન્ટ્રાક્ટરો માટે સેન્ટ્રલ એજન્સીઓના કાર્ય પૂરા કરવાની મુદતમાં કેટલો વધારો કરવામાં આવ્યો છે ?
(A) 3 મહિના (B) 6 મહિના
(C) 1 વર્ષ (D) આવો કોઈ વધારો કરવામાં આવ્યો નથી **(B)**

ICE COMPETITIVE EXAMS

## 15 MAY, 2020 FRIDAY

### ➤ દિવસ મહિમા : 15 મે, વિશ્વ પરિવાર દિવસ (International Day of Families)

### ➤ 'આત્મનિર્ભર ભારત અભિયાન' અંતર્ગત ભારતમાં કરવામાં આવેલી મહત્ત્વની જાહેરાતો : ભાગ-2

12 મે 2020ના રોજ ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદીએ** કોરોના મહામારી સામે લડવામાટે ભારતમાં **'આત્મનિર્ભર ભારત અભિયાન'** (Self-Reliant India Movement) અંતર્ગત કુલ **રૂ. 20 લાખ કરોડ**ના આર્થિક પેકેજની જાહેરાત કરી હતી.

- આ અંતર્ગત 14 મે 2020ના રોજ ભારતના નાણાં મંત્રી **સુશ્રી નિર્મલા સિતારામને** નીચે પ્રમાણેની મહત્ત્વની જાહેરાતો કરી હતી :

**1) પ્રવાસી શ્રમિકોને 2 મહિના મફત અનાજ અપાશે**

ભારતના તમામ પ્રદેશોમાં ફસાયેલા **પ્રવાસી શ્રમિકોને મે અને જૂન 2020** એમ **બે મહિના** માટે **દર મહિને** પ્રતિ શ્રમિક **5 કિલો અનાજ** અને પ્રતિ પરિવાર **1 કિલોગ્રામ ચણા** મફત આપવામાં આવશે.

- દેશના વિવિધ પ્રદેશોમાં ફસાયેલા એવા પ્રવાસી શ્રમિકોને આ યોજનાનો લાભ મળશે કે જેમની પાસે રેશન કાર્ડ નથી અથવા તો 'રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ'ના દાયરામાં તેઓ આવતા નથી.
- આ માટે 8 લાખ મેટ્રિક ટન અનાજ અને 5 લાખ મેટ્રિક ટન ચણા ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- આ અંતર્ગત થનાર રૂ. 3500 કરોડનો ખર્ચ કેન્દ્ર સરકાર ચૂકવશે.

### 2) 1 માર્ચ 2021 સુધીમાં 'વન નેશન વન રેશન કાર્ડ' યોજના 100 ટકા પૂર્ણ કરવામાં આવશે

ભારતમાં પ્રવાસી શ્રમિકો માટે અત્યંત ઉપયોગી **'વન નેશન વન રેશન કાર્ડ'** યોજના **31 માર્ચ 2021** સુધીમાં **100 ટકા** લાગુ કરવાનું કેન્દ્ર સરકારે લક્ષ્ય રાખ્યું છે.

- પાયલોટ પ્રોજેક્ટ તરીકે **ઓગસ્ટ 2020** સુધીમાં આ યોજનાનો વ્યાપ **23 રાજ્યો** સુધી વધારવામાં આવશે જેનાથી દેશના **83 ટકા** રેશન કાર્ડ ધારકોને આ યોજનાનો લાભ મળશે.

### 3) પ્રવાસી શ્રમિકો તથા શહેરી ગરીબો માટે સસ્તા ભાડાના મકાનની યોજના શરૂ કરવામાં આવશે

**પ્રવાસી શ્રમિકો તથા શહેરી ગરીબો**ને **સસ્તા ભાડાના મકાન** મળી રહે તે માટે કેન્દ્ર સરકાર **'પ્રધાનમંત્રી આવાસ યોજના' (PMAY)** અંતર્ગત એક યોજનાનો પ્રારંભ કરશે.

- આ અંતર્ગત કેન્દ્ર સરકાર દ્વારા, રાજ્ય સરકાર તથા વિવિધ ઉદ્યોગો તથા સંસ્થાઓ સાથે મળીને આવા મકાનો ઉપલબ્ધ કરાવવામાં આવશે.

### 4) 'મુદ્રા શિશુ યોજના' અંતર્ગત લોન લેનાર નાના વ્યાપારીઓને વ્યાજમાં 2 ટકાની છૂટ અપાશે

કેન્દ્ર સરકાર દ્વારા ભારતમાં લોનની ઝડપથી ચૂકવણી કરનાર નાના વ્યાપારીઓને **'મુદ્રા શિશુ યોજના'** અંતર્ગત **12 મહિના** માટે વ્યાજમાં **2 ટકાની છૂટ** આપવામાં આવશે.

- સરકારના આ નિર્ણયથી 'મુદ્રા શિશુ યોજના' અંતર્ગત લોન લેનાર નાના વ્યાપારીઓને રૂ. 1500 કરોડની રાહત થશે.

**નોંધ :** **'મુદ્રા શિશુ યોજના'** અંતર્ગત મહત્તમ **રૂ. 50,000** સુધીની લોન આપવામાં આવે છે.

### 5) લારીવાળા અને ફેરિયાઓને કામ શરૂ કરવા રૂ. 10,000 સુધીનું ધિરાણ આપવામાં આવશે

ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા **લારીવાળા અને ફેરિયાઓ** માટે એક વિશેષ યોજના શરૂ કરવામાં આવશે.

- આ યોજના અંતર્ગત તેમને કામ ધંધો શરૂ કરવા માટે **રૂ. 10,000 સુધી**ની લોન આપવામાં આવશે.
- આ માટે કેન્દ્ર સરકાર દ્વારા **રૂ. 5000 કરોડ**ની જોગવાઈ કરવામાં આવી છે.
- સરકારના આ નિર્ણયથી 50 લાખ જેટલા ફેરિયાઓને લાભ થશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### 6) રૂ. 6થી 18 લાખની વાર્ષિક આવક ધરાવતા મધ્યમવર્ગ માટે ક્રેડિટ લિન્ક સબસિડી સ્કીમ માર્ચ 2021 સુધી લંબાવાશે

ભારતમાં રૂ. 6થી 18 લાખની વાર્ષિક આવક ધરાવતા મધ્યમવર્ગીય પરિવારો માટે ઘર ખરીદવા વર્ષ 2017માં 'ક્રેડિટ લિન્ક સબસિડી સ્કીમ' શરૂ કરવામાં આવી હતી.

- ભારતમાં 31 માર્ચ 2020 સુધી આ યોજના અમલમાં હતી. હવે તેની મુદત માર્ચ 2021 સુધી લંબાવવામાં આવી છે.
- જેનાથી 2.5 લાખ મધ્યમવર્ગીય પરિવારોને લાભ મળશે.
- અને સરકારના આ નિર્ણયથી હાઉસિંગ સેક્ટરમાં રૂ. 70,000 કરોડનું રોકાણ થવાની સંભાવના છે.

### 7) નવી રોજગારીના સર્જન માટે CAMPA ફંડમાંથી રૂ. 6000 કરોડ ખર્ચાશે

ભારતના શહેરી, અર્ધ શહેરી, ગ્રામીણ અને આદિવાસી વિસ્તારોમાં નવી રોજગારીના સર્જન માટે CAMPA ફંડમાંથી રૂ. 6000 કરોડની યોજનાને મંજૂરી આપવામાં આવશે.

- આ અંતર્ગત વૃક્ષારોપણ, વનીકરણ, વન સંરક્ષણ, વન્યજીવ સંરક્ષણ, મૃદા સંરક્ષણ વગેરે જેવા કાર્યો હાથ ધરવામાં આવશે.

**નોંધ :** ભારતમાં CAMPA Act અથવા તો Compensatory Afforestation Fund Act વર્ષ 2016માં પસાર કરવામાં આવ્યો છે.

### 8) નાના અને સીમાંત ખેડૂતો માટે નાબાર્ડ વધારાના રૂ. 30,000 કરોડ ફાળવશે

ભારતમાં નાના અને સીમાંત ખેડૂતોને વધારે નાણાકીય સહાય મળી રહે તે માટે નાબાર્ડ (NABARD) દ્વારા RRB અને ગ્રામીણ સહકારી બેન્કોને કૃષિ લોનની જરૂરિયાતો માટે વધારાના રૂ. 30,000 કરોડ ફાળવવામાં આવશે.

- સરકારના આ નિર્ણયથી 3 કરોડ જેટલા નાના અને સીમાંત ખેડૂતોને લાભ થશે.

### 9) કિસાન ક્રેડિટ કાર્ડ દ્વારા 2.5 કરોડ ખેડૂતોને રૂ. 2 લાખ કરોડની લોન આપવામાં આવશે

ભારતમાં કિસાન ક્રેડિટ કાર્ડ દ્વારા PM KISAN યોજનાના લાભાર્થીઓ માટે રૂ. 2 લાખ કરોડની લોન ઉપલબ્ધ કરાવવામાં આવશે.

- આ યોજના અંતર્ગત માછીમારો અને પશુપાલકોનો પણ સમાવેશ કરવામાં આવશે.
- સરકારના આ નિર્ણયથી 2.5 કરોડ ખેડૂતો, માછીમારો અને પશુપાલકોને લાભ થશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➢ ગુજરાતમાં નાના વેપારીઓ, કારીગરો વગેરે માટે 'આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના'ની જાહેરાત

14 મે, 2020ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**એ ગુજરાતમાં નાના વેપારીઓ, કારીગરો વગેરે માટે **'આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના'**ની જાહેરાત કરી છે.

- ગુજરાત સરકારની આ યોજના અંતર્ગત લોકડાઉનની પરિસ્થિતિને કારણે આર્થિક મુશ્કેલી અનુભવી રહેલા ગુજરાતના નાના વેપારીઓ, મધ્યમ વર્ગ, કારીગરો, પરંપરાગત વ્યવસાયિકો, રીક્ષાચાલકો, બાંધકામ શ્રમિકો વગેરેને **રૂ. 1 લાખ** સુધીની લોન તારણ વગર એટલે કે કોઈપણ વસ્તુ ગીરવે મૂકયા સિવાય મળશે.

### આ યોજનાનો પ્રારંભ

**21 મે 2020**થી ગુજરાતની **સહકારી બેન્કો** તથા **ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટીઓ**માં આ યોજના શરૂ થશે.

- આ માટેનું અરજી ફોર્મ સહકારી બેન્કો/ક્રેડિટ કો–ઓપરેટિવ સોસાયટીઓ પાસેથી વિનામૂલ્યે મળશે.
- આ ફોર્મ ભરીને પરત કરવાની અંતિમ તારીખ **31 ઓગસ્ટ 2020** છે.

### આ યોજનાની વિશેષતા

આ યોજના અંતર્ગત લાભાર્થીને ગુજરાતની **સહકારી બેન્કો અને ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટીઓ** મારફત વાર્ષિક **2 ટકા**ના વ્યાજે **રૂ. 1 લાખ** સુધીનું તારણ વગરનું ધિરાણ મળશે.

- જ્યારે બાકીનું વાર્ષિક **6 ટકા વ્યાજ** રાજ્ય સરકાર ચૂકવશે.
- આ લોનની મુદત **3 વર્ષ**ની રહેશે.
- લાભાર્થીએ **ત્રણ વર્ષ**ની અંદર આ લોન પરત કરવાની રહેશે.
- જેમાં **પ્રથમ 6 મહિના** સુધી તેમણે વ્યાજ કે મુદ્દલ ભરવું પડશે નહિ.
- પરંતુ 6 મહિના બાદ **30 સમાન હપ્તા**માં આ રકમ પરત કરવાની રહેશે.
- આ લોન મેળવવા માટે ગુજરાત સરકાર દ્વારા **સ્ટેમ્પ ફી**માંથી મુક્તિ આપવામાં આવી છે.

**નોંધ :** આ યોજના અંતર્ગત ગુજરાત સરકાર દ્વારા **રૂ. 5000 કરોડ**નું પેકેજ જાહેર કરવામાં આવ્યું છે. અથવા તો આ યોજના માટે ગુજરાત સરકાર દ્વારા **રૂ. 5000 કરોડ**ની જોગવાઈ કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## આ યોજનાનો લાભ કોને મળશે ?

હાલમાં જેઓ ધંધા–વ્યવસાયમાં કાર્યરત હોય તેવા વ્યક્તિઓને આ યોજનાનો લાભ મળશે.

- જેમાં 1 જાન્યુઆરી, 2020ના રોજ તેઓ હયાત વ્યવસાયમાં કાર્યરત હોવા જોઈએ.
- એટલે કે કોઈ ધંધો કે વ્યવસાયમાં 1 જાન્યુઆરી, 2020થી કે એ અગાઉથી અત્યાર સુધી કાર્યરત હોય એવી વ્યક્તિઓને આ યોજનાનો લાભ મળશે.
- આ યોજનાથી ગુજરાતના 10 લાખ જેટલા નાના ધંધો વ્યવસાય કરનાર વાણંદ, ધોબી, પ્લમ્બર, કરિયાણાના દુકાનદાર, ફેરિયાઓ, રીક્ષાચાલકો વગેરેને લાભ થશે.

## ICE Questions

1. રૂ. 20 લાખ કરોડના કેન્દ્ર સરકારના આર્થિક પેકેજ અંતર્ગત પ્રવાસી શ્રમિકોને કયા મહિના માટેનું અનાજ મફત આપવાની 14 મે, 2020ના રોજ જાહેરાત કરવામાં આવી છે ?
(1) એપ્રિલ, 2020 (2) મે, 2020 (3) જૂન, 2020 (4) જુલાઈ, 2020
(A) 1, 2 3 (B) 2, 3, 4 (C) 2, 3 (D) 3, 4 **(C)**

2. રૂ. 20 લાખ કરોડના આર્થિક પેકેજ અંતર્ગત કેન્દ્ર સરકારે મે અને જૂન 2020 દરમિયાન પ્રવાસી શ્રમિકોને પ્રતિ માસ કેટલું અનાજ ફ્રી આપવાનો નિર્ણય કર્યો છે ?
(A) પ્રતિ વ્યક્તિ 5 કિલો અનાજ અને પ્રતિ વ્યક્તિ 1 કિલો ચણા
(B) પ્રતિ વ્યક્તિ 10 કિલો અનાજ અને પ્રતિ વ્યક્તિ 1 કિલો ચણા
(C) પ્રતિ વ્યક્તિ 5 કિલો અનાજ અને પ્રતિ પરિવાર 1 કિલો ચણા
(D) પ્રતિ વ્યક્તિ 10 કિલો અનાજ અને પ્રતિ પરિવાર 1 કિલો ચણા **(C)**

3. ભારતમાં ‘વન નેશન વન રેશન કાર્ડ’ યોજના કયાં સુધીમાં 100 ટકા અમલમાં મૂકવાની કેન્દ્ર સરકારે જાહેરાત કરી છે ?
(A) 31 ઓગસ્ટ 2020 (B) 31 ડિસેમ્બર 2020
(C) 31 જાન્યુઆરી 2021 (D) 31 માર્ચ 2021 **(D)**

4. રૂ. 20 લાખ કરોડના આર્થિક પેકેજ અંતર્ગત કેન્દ્ર સરકારે ‘મુદ્રા શિશુ લોન’ અંતર્ગત લોન લેનાર નાના વ્યાપારીઓને વ્યાજમાં કેટલા ટકા છૂટ આપવાની જાહેરાત કરી છે ?
(A) 2 ટકા (B) 3 ટકા (C) 4 ટકા (D) 5 ટકા **(A)**

5. રૂ. 20 લાખ કરોડના આર્થિક પેકેજ અંતર્ગત કેન્દ્ર સરકારે લારીવાળા અને ફેરિયાઓ માટે કેટલા રૂપિયા સુધીની લોનની જાહેરાત કરી છે ?
(A) રૂ. 10,000 (B) રૂ. 20,000 (C) રૂ. 25,000 (D) રૂ. 50,000 **(A)**

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

6. રૂ. 20 લાખ કરોડના આર્થિક પેકેજ અંતર્ગત કેન્દ્ર સરકારે લારીવાળા અને ફેરિયાઓને લોન આપવા માટે કેન્દ્ર સરકારે કેટલા રૂપિયાની જોગવાઈ કરી છે ?
(A) રૂ. 1000 કરોડ (B) રૂ. 5000 કરોડ
(C) રૂ. 10,000 કરોડ (D) રૂ. 15,000 કરોડ **(B)**

7. રૂ. 20 લાખ કરોડના આર્થિક પેકેજ અંતર્ગત કેન્દ્ર સરકારે મધ્યમવર્ગીય પરિવારો માટેની 'ક્રેડિટ લિન્ક સબસિડી સ્કીમ'ની મુદત કયાં સુધી લંબાવી છે ?
(A) ડિસેમ્બર, 2020 (B) જાન્યુઆરી, 2021
(C) માર્ચ, 2021 (D) એપ્રિલ, 2021 **(C)**

8. રૂ. 20 લાખ કરોડના આર્થિક પેકેજ અંતર્ગત કેન્દ્ર સરકારે ભારતમાં નવી રોજગારીના સર્જન માટે કેમ્પા ફંડમાંથી કેટલા રૂપિયા ખર્ચવાની જાહેરાત કરી છે ?
(A) રૂ. 5000 કરોડ (B) રૂ. 6000 કરોડ
(C) રૂ. 10,000 કરોડ (D) રૂ. 15,000 કરોડ **(B)**

9. રૂ. 20 લાખ કરોડના આર્થિક પેકેજ અંતર્ગત કેન્દ્ર સરકાર દ્વારા ભારતમાં નાના અને સીમાંત ખેડૂતોને વધારે આર્થિક સહાય મળી રહે તે માટે NABARD (નાબાર્ડ) દ્વારા વધારાની કેટલી રકમ ફાળવવામાં આવશે ?
(A) રૂ. 25,000 કરોડ (B) રૂ. 30,000 કરોડ
(C) રૂ. 40,000 કરોડ (D) રૂ. 50,000 કરોડ **(B)**

10. રૂ. 20 લાખ કરોડના આર્થિક પેકેજ અંતર્ગત કેન્દ્ર સરકારે ભારતમાં કિસાન ક્રેડિટ કાર્ડ દ્વારા 2.5 લાખ ખેડૂતો, માછીમારો અને પશુપાલકોને લોન આપવા માટે કેટલા રૂપિયાની જોગવાઈ કરી છે ?
(A) રૂ. 1 લાખ કરોડ (B) રૂ. 2 લાખ કરોડ
(C) રૂ. 3 લાખ કરોડ (D) રૂ. 4 લાખ કરોડ **(B)**

11. ગુજરાતમાં નાના વેપારીઓ, કારીગરોને લોન આપવા માટે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ 14 મે, 2020ના રોજ ગુજરાતમાં કઈ યોજનાની જાહેરાત કરી છે ?
(A) મુખ્યમંત્રી આત્મનિર્ભર ગુજરાત યોજના
(B) મુખ્યમંત્રી આત્મનિર્ભર સહાય યોજના
(C) ગુજરાત આત્મનિર્ભર સહાય યોજના
(D) આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

12. ગુજરાત સરકારે જાહેર કરેલી 'આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના'ના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
    1. આ યોજના અંતર્ગત નાના વેપારીઓ, કારીગરોને રૂ. 1 લાખ સુધીની તારણ વગરની લોન મળશે.
    2. આ યોજનામાં લાભાર્થી માટે વ્યાજદર 2 ટકા રહેશે. અને બાકીનું 6 ટકા વ્યાજ ગુજરાત સરકાર ચૂકવશે.
    3. આ લોનની મુદત 3 વર્ષની રહેશે.
    4. આ યોજના અતંર્ગત લાભાર્થીને પ્રથમ 6 મહિના માટે હપ્તો ભરવામાંથી મુકિત મળશે. પરંતુ 6 મહિના બાદ 36 સમાન હપ્તામાં લોનની રકમ પરત ચૂકવવાની રહેશે.

(A) 1, 2, 3, 4 (B) 1, 2, 3 (C) 2, 3, 4 (D) 1, 3, 4 **(B)**

13. 'આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના' અંતર્ગત ગુજરાત સરકાર દ્વારા કેટલા રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે ?

(A) 1000 કરોડ (B) 2000 કરોડ (C) 5000 કરોડ (D) 10,000 કરોડ **(C)**

## 16 MAY, 2020 SATURDAY

### ➤ દિવસ મહિમા : 16 મે, રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ (National Dangue Day)

### ➤ 'આત્મનિર્ભર ભારત અભિયાન' અંતર્ગત ભારતમાં કરવામાં આવેલી મહત્ત્વની જાહેરાતો : ભાગ-3

12 મે 2020ના રોજ ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**એ કોરોના મહામારી સામે લડવા માટે ભારતમાં **'આત્મનિર્ભર ભારત અભિયાન' (Self Reliant India Movement)** અંતર્ગત કુલ **રૂ. 20 લાખ કરોડ**ના **આર્થિક પેકેજ**ની જાહેરાત કરી હતી.

- આ અંતર્ગત 15 મે 2020ના રોજ ભારતના નાણાં મંત્રી **સુશ્રી નિર્મલા સિતારામને** નીચે પ્રમાણેની મહત્ત્વની જાહેરાતો કરી હતી :

**1) ખેડૂતો માટે માળખાગત સુવિધાના વિકાસ માટે રૂ. 1 લાખ કરોડના ફંડની રચના**

ખેડૂતો માટે ઘરઆંગણે માળખાકીય સુવિધાઓના વિકાસ માટે રૂપિયા **1 લાખ કરોડ**ના **એગ્રિ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ**ની રચના કરવામાં આવશે.

- આ ફંડની મદદથી ખેડૂતોને ઘરઆંગણે જ લણણી પછીની કોલ્ડ સ્ટોરેજ સહિતની માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- પરિણામે, ખેડૂતો લણણી બાદ પોતાની નીપજનો સંગ્રહ કરી શકશે. અને યોગ્ય ભાવે તેનું વેચાણ કરી શકશે.

- ખેડૂતો માટે ઉપલબ્ધ કરાવવામાં આવનાર આ માળખાકીય સુવિધાને <u>'કૃષિ દ્વાર'</u> અથવા તો <u>'FARM GATE'</u> નામ આપવામાં આવ્યું છે.
- આ અંતર્ગત સીધા ખેડૂતો પાસેથી જ મૂળ વ્યાપારીઓ કૃષિ ઉત્પાદન ખરીદે તેવી વ્યવસ્થા પણ કરવામાં આવશે.

## 2) વડાપ્રધાનશ્રીના 'વોકલ ફોર લોકલ'ના આહવાનને પરિપૂર્ણ કરવા માઈક્રો ફૂડ કંપનીઓ માટે રૂ. 10,000 કરોડની યોજનાની જાહેરાત

ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આહવાનને સાર્થક કરવા માટે ભારતમાં આશરે <u>2 લાખ</u> જેટલી માઈક્રો ફૂડ કંપનીઓ (Micro Food Enterprises - MFE) માટે <u>'Vocal For Local with Global Reach' (વૈશ્વિક પહોંચ સાથે વોકલ ફોર લોકલ)</u> ની સંકલ્પનાને ચરિતાર્થ કરતી યોજના શરૂ કરવામાં આવશે.

- આ અંતર્ગત <u>રૂ. 10,000 કરોડ</u>ની જોગવાઈ કરવામાં આવી છે.
- આ અંતર્ગત બિનસંગઠિત ફૂડ પ્રોડકટ કંપનીઓને FSSAI (Food Safety and Standards Authority of India)ના ધોરણોને સમકક્ષ બનાવવા માટે ટેક્નિકલ સહાય તેમજ બ્રાન્ડ તૈયાર કરવા અને માર્કેટિંગ માટે પણ સહાય આપવામાં આવશે.
- આ ઉપરાંત આ યોજના અંતર્ગત કલસ્ટર આધારિત બ્રાન્ડ પણ વિકસાવવામાં આવશે. જેમ કે,
  - (1) ઉત્તરપ્રદેશમાં કેરી
  - (2) કાશ્મીરમાં કેસર
  - (3) પૂર્વોત્તર ભારતમાં વાંસ
  - (4) આંધ્રપ્રદેશમાં મરચાં
  - (5) તેલંગાણામાં હળદર
  - (6) કર્ણાટકમાં ટમેટા
  - (7) મહારાષ્ટ્રમાં સંતરા
- આ યોજનાની મદદથી ફૂડ પ્રોડકટમાં આરોગ્ય અને સુરક્ષાનાં ધોરણોમાં સુધારો થશે, ખેડૂતોનું રિટેઈલ માર્કેટ સાથે જોડાણ વધશે, પરિણામે ખેડૂતોની આવકમાં વધારો થશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 3) માછીમારો માટે રૂ. 20,000 કરોડના ખર્ચે 'પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના' શરૂ કરવામાં આવશે

ભારતમાં દરિયાઈ અને ઈનલેન્ડ જળાશયોમાં સંકલિત, ટકાઉ અને સમાવિષ્ટ વિકાસ માટે કેન્દ્ર સરકાર દ્વારા <u>'પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના' (Pradhan Mantri Matsya Sampada Yojana-PMMSY)</u> શરૂ કરવામાં આવશે.

- આ યોજના અંતર્ગત <u>રૂ. 20,000 કરોડ</u>ની જોગવાઈ કરવામાં આવી છે.
- જેમાંથી દરિયાઈ અને આંતરિક જળાશયોમાં માછીમારી અને એકવાકલ્ચર પ્રવૃત્તિઓ માટે <u>રૂ. 11,000 કરોડ</u>નો ખર્ચ કરવામાં આવશે.

- જ્યારે ફિશિંગ હાર્બર, કોલ્ડ ચેઈન અને માર્કેટ વગેરે માટે <u>રૂ. 9,000 કરોડ</u>નો ખર્ચ કરવામાં આવશે.
- આ ઉપરાંત આ યોજના અંતર્ગત કેજ કલ્ચર, સીવીડ ફાર્મિંગ, ઓર્નામેન્ટલ ફિશરિઝ વગેરેને પ્રોત્સાહન આપવામાં આવશે.
- તેમજ માછીમારોને નવી બોટ માટે સહાય પણ આપવામાં આવશે.
- અને માછીમારો માટે વ્યક્તિગત તેમજ બોટના વીમાની પણ જોગવાઈ કરવામાં આવશે.
- આ યોજનાની મદદથી આગામી <u>5 વર્ષ</u>માં વધારાનું <u>70 લાખ ટન</u> મત્સ્ય ઉત્પાદન થશે. <u>55 લાખ</u>થી વધુ લોકોને રોજગારી મળશે. અને મત્સ્ય નિકાસ <u>ડબલ</u> થઈને <u>રૂ. 1 લાખ કરોડ</u> જેટલી થઈ જશે.
- આ યોજના અંતર્ગત ઈનલેન્ડ જળાશયો ધરાવતા <u>હિમાલયી રાજ્યો</u>, <u>પૂર્વોત્તર ભારતના રાજ્યો</u> અને <u>આકાંક્ષી જિલ્લા</u>ઓ પર ફોકસ કરવામાં આવશે.

### 4) રૂ. 13,343 કરોડના ખર્ચે ‘રાષ્ટ્રીય પશુ રોગ નિયંત્રણ’ કાર્યક્રમ

ભારતમાં પશુઓમાં જોવા મળતા <u>ફૂટ એન્ડ માઉથ ડિસિઝ</u> અને <u>બ્રુસેલોસિસ</u> રોગોના નિવારણ માટે <u>‘રાષ્ટ્રીય પશુ રોગ નિયંત્રણ’</u> કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે.

- આ કાર્યક્રમ માટે <u>રૂ. 13,343 કરોડ</u>ની જોગવાઈ કરવામાં આવી છે.
- આ અંતર્ગત દેશમાં કુલ 53 કરોડ જેટલા ભેંસ, ઘેટાં બકરાં અને ડુક્કર જેવા પશુઓનું 100 ટકા રસીકરણ કરાશે.
- આ કાર્યક્રમ અતંર્ગત અત્યાર સુધીમાં ભારતમાં 1.5 કરોડ ગાય અને ભેંસનું રસીકરણ કરવામાં આવ્યું છે.

### 5) પશુપાલનના વિકાસ માટે રૂ. 15,000 કરોડના પશુપાલન માળખાકીય વિકાસ ફંડની રચના કરાશે

ભારતમાં કેટલ ફીડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ડેરી પ્રોસેસિંગ અને વેલ્યુ એડિશનમાં ખાનગી રોકાણને પ્રોત્સાહન આપવા માટે <u>રૂ. 15,000 કરોડ</u>ના <u>પશુપાલન માળખાકીય વિકાસ ભંડોળ (Animal Husbandry Infrastructure Development Fund)</u>ની રચના કરવામાં આવશે.

- આ અંતર્ગત ડેરી પ્રોડક્ટ તથા વિશેષ ઉત્પાદનોની નિકાસ માટે પ્લાન્ટ નાંખનારને પ્રોત્સાહન આપવામાં આવશે.

### 6) ઔષધીય અને હર્બલ ફાર્મિંગને પ્રોત્સાહન આપવા રૂ. 4000 કરોડની જોગવાઈ

National Medicinal Plants Board (NMPB) દ્વારા ભારતમાં 2.25 લાખ હેક્ટર વિસ્તારમાં ઔષધીય છોડની ખેતી માટે સહાયતા આપવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- હવે આગામી 2 વર્ષમાં રૂ. 4,000 કરોડના ખર્ચે હર્બલ ખેતીને પ્રોત્સાહન આપીને આ અંતર્ગત 10 લાખ હેક્ટર વિસ્તારને આવરી લેવામાં આવશે.
- જેનાથી ખેડૂતોને રૂ. 5000 કરોડની આવક થશે.
- આ ઉપરાંત આ યોજના અંતર્ગત NMPB દ્વારા ગંગા નદીના કિનારે 800 હેક્ટરનો મેડિસિનલ પ્લાન્ટ કોરિડોર તૈયાર કરવામાં આવશે.

## 7) મધમાખી ઉછેર માટે રૂ. 500 કરોડની જોગવાઈ

ભારતમાં મધમાખી ઉછેરને પ્રોત્સાહન આપવા માટે વિવિધ પ્રવૃત્તિઓ માટે રૂ. 500 કરોડનો ખર્ચ કરવામાં આવશે.

- આ યોજનાથી બે લાખ મધમાખી ઉછેરનારાઓની આવકમાં વધારો થશે અને ગ્રાહકોને ગુણવત્તા યુક્ત મધ મળશે.

## 8) TOP યોજનાનો વ્યાપ વધારીને તમામ ફળો અને શાકભાજી સુધી કરવા 'TOP' થી 'TOTAL' યોજના માટે રૂ. 500 કરોડની જોગવાઈ

ભારતમાં TOP એટલે કે Tomato (ટામેટા), Onion (ડુંગળી) અને Potato (બટેકા)ની ખેતીને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્ર સરકાર દ્વારા 'ઓપરેશન ગ્રીન્સ' યોજના લોન્ચ કરવામાં આવી હતી.

- હવે આ યોજના અંતર્ગત ટામેટા, ડુંગળી અને બટેકા ઉપરાંત અન્ય ફળો અને શાકભાજીને પણ આવરી લેવામાં આવશે.
- આ માટે રૂ. 500 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- ખેતરમાં બગડી જતાં ફળો અને શાકભાજીને કારણે થતું નુકશાન ઓછું થાય તે માટે પ્રાયોગિક ધોરણે આગામી 6 મહિના માટે આ યોજના લોન્ચ કરવામાં આવશે.
- આ અંતર્ગત ફળો તથા શાકભાજીના સ્ટોરેજ માટે 50 ટકા સબસિડી આપવામાં આવશે.
- આ ઉપરાંત તેના માર્કેટ સુધી પરિવહન માટે પણ 50 ટકા સબસિડી આપવામાં આવશે.

## 9) કૃષિ ક્ષેત્રના વિકાસ માટે કેટલાક વહિવટી સુધારાઓ

ભારતમાં ખેડૂતોને ઉપજની સારી કિંમત મળી રહે તે માટે 'એસેન્શિયલ કોમોડિટી એક્ટ, 1955'માં સુધારો કરવામાં આવશે.

- આ અંતર્ગત તેલીબિયાં, દાળો, ડુંગળી અને બટાકા સહિતની કૃષિ નીપજોને નિયંત્રણ મુક્ત કરીને તેના સ્ટોક પરની મર્યાદા હટાવી લેવામાં આવશે.
- જોકે, કિંમતોમાં વધારો, રાષ્ટ્રીય હોનારતો, દુકાળ વગેરે જેવી સ્થિતિમાં સ્ટોક લિમિટ લાગુ કરી શકાશે. પરંતુ પ્રોસેસર્સ અને વેલ્યુ ચેઈન પાર્ટિશિપન્ટ અથવા તો નિકાસની માંગ પ્રમાણે સ્ટોક લિમિટ લાગુ કરવામાં આવશે નહિ.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- આ ઉપરાંત વાવણીના સમયે જ ખેડૂતોને પોતાની ઉપજની શું કિંમત મળશે તે જાણી શકાય એ માટે યોગ્ય મિકેનિઝમ વિકસાવવામાં આવશે.
- ભારતમાં હાલ ખેડૂતો APMCના લાયસન્સધારક વેપારીઓને જ તેમની ઉપજ વેચવા માટે મોટેભાગે બંધાયેલા છે.
- જોકે, હવે ખેડૂતોને આકર્ષક કિંમત મળે ત્યાં પોતાની નીપજ વેચી શકે તે માટે કોઈપણ અવરોધ વગરના આંતરરાજ્ય વેપાર માટે ઈ–ટ્રેડિંગનું માળખું તૈયાર કરવામાં આવશે.

## ICE Questions

1. ભારતમાં 'રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 14 મે (B) 15 મે (C) 16 મે (D) 17 મે **(C)**

2. રૂ. 20 લાખ કરોડના આર્થિક પેકેજ અંતર્ગત કેન્દ્ર સરકાર દ્વારા ભારતમાં કૃષિ ક્ષેત્રે ઘરઆંગણે માળખાકીય સુવિધાઓના વિકાસ માટે કેટલા રૂપિયાના એગ્રિ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડની રચના કરવામાં આવશે ?
(A) રૂ. 50 હજાર કરોડ (B) રૂ. 80 હજાર કરોડ
(C) રૂ. 1 લાખ કરોડ (D) રૂ. 1.25 લાખ કરોડ **(C)**

3. રૂ. 20 લાખ કરોડના આર્થિક પેકેજ અંતર્ગત ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'વોકલ ફોર લોકલ'ના આહવાનને પરિપૂર્ણ કરવા ભારતમાં 2 લાખ જેટલી કઈ ફૂડ કંપનીઓ માટે રૂ. 10,000 કરોડની યોજનાની જાહેરાત કરવામાં આવી છે ?
(A) માઈક્રો ફૂડ એન્ટરપ્રાઈઝ (B) મિડિયમ ફૂડ એન્ટરપ્રાઈઝ
(C) સ્મોલ ફૂડ એન્ટરપ્રાઈઝ (D) ત્રણમાંથી કોઈ નહિ **(A)**

4. રૂ. 20 લાખ કરોડના આર્થિક પેકેજ અંતર્ગત ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા માછીમારો માટે કઈ યોજના શરૂ કરવામાં આવશે ?
(A) પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના (B) પ્રધાનમંત્રી મત્સ્ય સંસાધન યોજના
(C) પ્રધાનમંત્રી મત્સ્ય સંરક્ષણ યોજના (D) પ્રધાનમંત્રી મત્સ્ય પાલન યોજના **(A)**

5. રૂ. 20 લાખ કરોડના આર્થિક પેકેજ અંતર્ગત ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા કેટલા રૂપિયાના ખર્ચે 'પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના' શરૂ કરવામાં આવશે ?
(A) રૂ. 10,000 કરોડ (B) રૂ. 20,000 કરોડ
(C) રૂ. 30,000 કરોડ (D) રૂ. 40,000 કરોડ **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

6. ભારતમાં પશુઓમાં જોવા મળતા કયા રોગોના નિવારણ માટે 'રાષ્ટ્રીય પશુ રોગ નિયંત્રણ' કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે ?
1. ફૂટ એન્ડ માઉથ ડિસિઝ
2. એમ્બેસિવર એરેલિસિસ
3. બ્રુસેલોસિસ
4. સિમ્નેસ્ટોનિકસ
(A) 1, 2, 3, 4 (B) 1, 2, 3 (C) 1, 3 (D) 1, 4 **(C)**

7. રૂ. 20 લાખ કરોડના આર્થિક પેકેજ અંતર્ગત ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા પશુપાલન માટે રૂ. 15,000 કરોડના ખર્ચે કયા ફંડની રચના કરવામાં આવશે ?
(A) પશુપાલન માળખાકીય વિકાસ ફંડ (B) પશુપાલન વિકાસ સહાય ફંડ
(C) પશુપાલન સહાય વિકાસ ફંડ (D) ત્રણમાંથી કોઈ નહિ **(A)**

8. રૂ. 20 લાખ કરોડના આર્થિક પેકેજ અંતર્ગત ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા કયા ફાર્મિંગને પ્રોત્સાહન આપવા માટે રૂ. 4,000 કરોડની જોગવાઈ કરવામાં આવશે ?
(A) નેચરલ (B) ટ્રાઈબલ (C) હર્બલ (D) ઓર્ગેનિક **(C)**

9. રૂ. 20 લાખ કરોડના આર્થિક પેકેજ અંતર્ગત ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા કઈ નદીના કિનારે 800 હેકટરનો મેડિસિનલ પ્લાન્ટ (ઔષધીય છોડ) કોરિડોર તૈયાર કરવામાં આવશે ?
(A) ગંગા (B) બ્રહ્મપુત્રા (C) નર્મદા (D) ગોદાવરી **(A)**

10. રૂ. 20 લાખ કરોડના આર્થિક પેકેજ અંતર્ગત ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા TOP યોજનાનો વ્યાપ વધારીને પ્રાયોગિક ધોરણે તેમાં કયા ફળો અથવા શાકભાજીનો સમાવેશ કરવામાં આવ્યો છે ?
(A) આદુ, લસણ, મરચાં (B) કેળાં, સફરજન, દ્રાક્ષ
(C) A અને B બંને (D) તમામ ફળો અને શાકભાજીનો **(D)**

11. ભારતમાં ખેડૂતોને કૃષિ નીપજની સારી કિંમત મળી રહે તે માટે 'આત્મનિર્ભર ભારત અભિયાન' અંતર્ગત કેન્દ્ર સરકારે કયા એકટમાં ફેરફાર કરવાની જાહેરાત કરી છે ?
(A) Essential Commodities Act, 1950
(B) Essential Commodities Act, 1955
(C) Essential Commodities Act, 1960
(D) Essential Commodities Act, 1965 **(B)**
(નોંધ : Essential Commodities Act, 1955ને ગુજરાતીમાં 'આવશ્યક ચીજવસ્તુઓ અધિનિયમ, 1955' તરીકે ઓળખવામાં આવે છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ONE LINER

CURRENT AFFAIRS

## ગુજરાત

### ➤ કોરોનાના વૈશ્વિક સંકટની વચ્ચે ગુજરાતના અર્થતંત્રને ફરીથી વેગવંતુ બનાવવા ઉચ્ચસ્તરીય સમિતિની રચના

ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કોરોનાના વૈશ્વિક સંકટની વચ્ચે ગુજરાતના અર્થતંત્રને ફરીથી વેગવંતુ બનાવવા ભલામણો સૂચવવા ગુજરાતમાં 6 સભ્યોની એક ઉચ્ચસ્તરીય સમિતિની રચના કરી છે. પૂર્વ કેન્દ્રીય નાણાં સચિવ ડો. હસમુખ અઢિયા આ સમિતિના અધ્યક્ષ રહેશે. આ સમિતિના અન્ય સભ્યોમાં પ્રો. રવિન્દ્ર ધોળકિયા, શ્રી મુકેશ પટેલ, શ્રી પ્રદિપ શાહ, શ્રી કિરીટ શેલત અને શ્રી એમ. થેન્નારસનનો સમાવેશ થાય છે.

### ➤ ગુજરાત યુનિવર્સિટીના કાર્યકારી કુલપતિ તરીકે શ્રી જગદીશ ભાવસારની નિમણૂક

ગુજરાતની સૌથી જૂની અને પ્રતિષ્ઠિત ગુજરાત યુનિવર્સિટીના કાર્યકારી કુલપતિ તરીકે શ્રી જગદીશ ભાવસારની નિમણૂક કરવામાં આવી છે. ગુજરાત યુનિવર્સિટીના કાર્યકારી કુલપતિ તરીકે શ્રી જગદીશ ભાવસાર તાજેતરમાં નિવૃત્ત થયેલા શ્રી હિમાંશુ પંડયાનું સ્થાન લેશે.

## ભારત

### ➤ કોરોના સામેની લડત માટે World Bank ભારતને 1 અબજ ડોલરની લોન આપશે

કોરોના સામેની લડત માટે વિશ્વ બેન્ક દ્વારા ભારતને 1 અબજ ડોલરની લોન આપવાની જાહેરાત કરવામાં આવી છે. વર્લ્ડ બેન્કે આ અગાઉ પણ આરોગ્ય સુરક્ષાનાં પગલાં લેવા માટે ભારતને 1 અબજ ડોલરની મદદ કરી હતી. આથી, કોરોના સામેની લડતમાં વર્લ્ડ બેન્કે ભારતને કુલ 2 અબજ ડોલરની મદદ કરી છે. આ ઉપરાંત આ અગાઉ કોરોના સામેની લડતમાં બ્રિક્સ દેશોની ન્યૂ ડેવલપમેન્ટ બેન્ક (NDB) દ્વારા ભારતને 1 અબજ ડોલરની ઈમરજન્સી સહાય આપવામાં આવી હતી. તેમજ એશિયન ડેવલપમેન્ટ બેન્ક (ADB) દ્વારા પણ ભારતને રૂ. 1.5 અબજ ડોલરની સહાય કરવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ Archaeological Survey of Indiaના નવા ડિરેક્ટર જનરલ તરીકે સુશ્રી વી. વિદ્યાવતીની નિમણૂક

ભારતમાં Archaeological Survey of India (ભારતીય પુરાતત્ત્વીય સર્વે)ના નવા ડિરેક્ટર જનરલ તરીકે સુશ્રી વી. વિદ્યાવતીની નિમણૂક કરવામાં આવી છે. સુશ્રી વી. વિદ્યાવતી 1991ની બેચના કર્ણાટક કેડરના IAS અધિકારી છે. ભારતીય પુરાતત્ત્વીય સર્વેના નવા વડા તરીકે તેમની નિમણૂક ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતા વાળી કેબિનેટની નિમણૂક સમિતિના આદેશ દ્વારા કરવામાં આવી છે.

### ICE Questions

➤ કોરોનાના વૈશ્વિક સંકટની વચ્ચે ગુજરાતના અર્થતંત્રને ફરીથી વેગવંતુ બનાવવા કોની અધ્યક્ષતામાં ગુજરાત સરકાર દ્વારા એક ઉચ્ચસ્તરીય સમિતિની રચના કરવામાં આવી છે ?
– ડૉ. હસમુખ અઢિયા

➤ કોરોનાના વૈશ્વિક સંકટની વચ્ચે ગુજરાતના અર્થતંત્રને ફરીથી વેગવંતુ બનાવવા માટે ગુજરાત સરકાર દ્વારા કેટલા સભ્યોની એક ઉચ્ચસ્તરીય સમિતિની રચના કરવામાં આવી છે ?
– 6 સભ્યોની

➤ ગુજરાત યુનિવર્સિટીના કાર્યકારી કુલપતિ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?
– શ્રી જગદીશ ભાવસાર

➤ મે 2020 દરમિયાન કોરોના સામેની લડત માટે World Bank દ્વારા ભારતને કેટલી સહાય આપવાની જાહેરાત કરવામાં આવી છે ? – 1 અબજ ડોલર (અથવા 1 બિલિયન ડોલર)

➤ ભારતીય પુરાતત્ત્વીય સર્વેના નવા વડા અથવા તો ડિરેક્ટર જનરલ તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ?
– સુશ્રી વી. વિદ્યાવતી

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

# QUICK CURRENT
## QUESTIONS OF THIS WEEK

1. ભારતમાં કઈ સંસ્થા દ્વારા તૈયાર કરવામાં આવતી માર્ગદર્શિકાને આધારે COVID-19ના દર્દીઓની સારવાર કરવામાં આવે છે ? – ICMR
2. તાજેતરમાં ચર્ચામાં રહેલ ICMRનું પૂરું નામ શું છે ? – Indian Council of Medical Research
3. ભારતમાં કેન્દ્ર સરકારના માર્ગ પરિવહન અને હાઈવે તથા MSME મંત્રી શ્રી નીતિન ગડકરીએ આપેલી માહિતી અનુસાર ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા આગામી બે વર્ષોમાં કેટલા રૂપિયાના માર્ગોનું નિર્માણ કરવાનું લક્ષ્યાંક રાખવામાં આવ્યું છે ? – રૂ. 15 લાખ કરોડ
4. ભારતમાં COVID-19નો સામનો કરવા માટે કયા રાજ્યની સરકાર દ્વારા 'આયુષ કવચ' નામની મોબાઈલ એપ લોન્ચ કરવામાં આવી છે ? – ઉત્તરપ્રદેશ
(આ એપમાં આયુર્વેદના ઉપયોગથી તુલસી, લવિંગ, ઈલાયચી જેવી ઘરેલું ચીજ વસ્તુઓ દ્વારા રોગપ્રતિકારક શક્તિ વધારવા અંગેની માહિતી આપવામાં આવી છે.)
5. ભારતની કઈ સંસ્થાના સંશોધકોએ નેનો મટિરિયલ્સ આધારિત સુપર કેપેસિટરની શોધ કરી છે ? – IIT વારાણસી
6. મે 2020 દરમિયાન કયા દેશ દ્વારા 'લોન્ગ માર્ચ–5B' નામનું રોકેટ લોન્ચ કરવામાં આવ્યું છે ? – ચીન
(ચીનના હૈનાન પ્રાંતમાં આવેલા વેનચાંગ સ્પેસ લોન્ચ સેન્ટર પરથી આ રોકેટ લોન્ચ કરવામાં આવ્યું હતું. ચીન દ્વારા એક સ્પેસ સ્ટેશન નિર્માણ કરવાની યોજનાના ભાગ રૂપે આ રોકેટ લોન્ચ કરવામાં આવ્યું હતું.)
7. મે 2020 દરમિયાન ચીન દ્વારા કયું રોકેટ સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યું છે ? – લોન્ગ માર્ચ 5B
8. 7 મે 2020ના રોજ ઈરાકના નવા વડાપ્રધાન તરીકે કોણે શપથ લીધા છે ? – શ્રી મુસ્તફા અલ કાધિમી
(ઈરાકના નવા વડાપ્રધાન તરીકે શ્રી મુસ્તફા અલ કાધિમીએ શ્રી આદિલ અબ્દુલ મહદીનું સ્થાન લીધું છે. આ અગાઉ તેઓ ઈરાકની જાસુસી સંસ્થા INIS એટલે કે 'Iraqi National Intelligence Service'ના વડા હતા.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

9. પશ્ચિમ બંગાળના વન વિભાગ દ્વારા તાજેતરમાં આપવામાં આવેલી માહિતી અનુસાર વર્ષ 2019-20માં સુંદરવન ક્ષેત્રમાં વાઘની સંખ્યા વધીને કેટલી થઈ ગઈ છે ? – 96
(વર્ષ 2018-19માં સુંદરવનમાં વાઘની સંખ્યા 88 હતી. જે વર્ષ 2019-20માં વધીને 96 થઈ ગઈ છે.)

10. તાજેતરમાં કયા દેશ દ્વારા ભૂલથી પોતાની મિસાઈલ દ્વારા પોતાના જ યુદ્ધ જહાજ પર વાર થઈ જતાં નૌસેનાના 19 જવાનોના મોત થયાં હતા ? – ઈરાન
(ઈરાનમાં નૌકાદળના યુદ્ધ અભ્યાસ દરમિયાન આ દુર્ઘટના સર્જાઈ હતી.)

11. કોરોના મહામારીને કારણે સર્જાયેલી લોકડાઉનની સ્થિતિમાં ગુજરાત સરકારે એપ્રિલ 2020 દરમિયાન ગુજરાતની કુલ જનસંખ્યાના આશરે કેટલા ટકા લોકોને વિનામૂલ્યે 42.48 લાખ ક્વિન્ટલ અનાજ વિતરણ કરીને દેશને અનાજ વિતરણનો નવતર રાહ ચિંધ્યો હતો ?
– 92 ટકા
(આ અનાજની બજાર કિંમત રૂ. 975.93 કરોડ જેટલી થાય છે.)

12. 1 મે 2020ના રોજ ગુજરાતના 60મા સ્થાપના દિન નિમિત્તે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કરેલી મહત્ત્વની બે જાહેરાતોમાં નીચેનામાંથી કઈ જાહેરાતોનો સમાવેશ થાય છે ?
1. ગુજરાતના 61 લાખ જેટલા APL-1 કાર્ડધારકોને મે મહિનામાં પરિવાર દીઠ 10 કિલો ઘઉં, 3 કિલો ચોખા, 1 કિલો દાળ અને 1 કિલો ખાંડ વિનામૂલ્યે આપવાનો નિર્ણય.
2. મા–વાત્સલ્ય, મા–અમૃતમ યોજનાના લાભાર્થી પરિવારમાંથી કોઈ વ્યક્તિની સર્જરી, ઓપરેશન કે પ્રસુતિ માટે જો કોરોના ટેસ્ટ કરાવવો પડે તો તેનો ખર્ચ ગુજરાત સરકાર ભોગવશે.
3. ગુજરાતની તમામ સ્કૂલોમાં આગામી શૈક્ષણિક છત્રમાં વિદ્યાર્થીઓની 50 ટકા ફી ગુજરાત સરકાર ચૂકવશે.
4. કોરોના મહામારીને કારણે ગુજરાતના તમામ કિસાનોની કૃષિ લોનમાં 25 ટકાનો વધારો કરવાનો નિર્ણય.

(A) 1 અને 2 (B) 1 અને 3 (C) 1 અને 4 (D) 2 અને 3 – Ans : (A)1 અને 2

13. ગુજરાત સ્થાપના દિન નિમિત્તે ગુજરાતમાં 1 થી 10 મે દરમિયાન ગુજરાતના શાળા કોલેજના વિદ્યાર્થીઓ માટે કયા વિષય પર નિબંધ, કાવ્ય અને ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું ? – 'ગુજરાતના કોરોના વોરિયર્સ'
(આ કૃતિના રાજ્યકક્ષાના વિજેતાને રૂ. 25,000નું ઈનામ આપવાની જાહેરાત કરવામાં આવી હતી.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

14. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ 1 મે 2020ના રોજ ગુજરાતના 60મા સ્થાપના દિવસની ઉજવણી સાદગી પૂર્ણ રીતે કયા દિવસ તરીકે કરી હતી ?

– 'સંવાદ દિવસ' તરીકે

(આ અંતર્ગત આ દિવસે તેમણે પંચમહાલ જિલ્લાના ગામોના સરપંચો સાથે વીડિયો કોન્ફરન્સ દ્વારા સંવાદ કર્યો હતો. આ ઉપરાંત તેમણે ગુજરાતની તમામ 162 નગરપાલિકાઓના પ્રમુખો, ઉપપ્રમુખો વગેરે સાથે વીડિયો કોન્ફરન્સ દ્વારા સંવાદ બેઠક યોજી હતી.)

15. 1 મે 2020ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ 60મા ગૌરવ દિવસની ઉજવણીનો પ્રારંભ આદિજાતિ બાહુલ્ય ધરાવતા કયા જિલ્લાના ગામોના સરપંચો સાથે સંવાદ કરીને કર્યો હતો ? – પંચમહાલ

16. કોરોના મહામારી દરમિયાન લોકડાઉનની સ્થિતિમાં પરપ્રાંતિય શ્રમિકોને પોતાના વતનમાં મોકલવા માટે 7 મે 2020 સુધીમાં સમગ્ર દેશમાંથી કુલ 163 જેટલી વિશેષ ટ્રેન રવાના કરવામાં આવી હતી...જેમાં સૌથી વધુ 94 ટ્રેન એકલા કયા રાજ્યમાંથી રવાના થઈ હતી ?

– ગુજરાત

17. મે 2020 દરમિયાન કઈ સરહદે ભારત અને ચીનના સૈનિકો વચ્ચે થયેલી છૂટા હાથની મારામારીમાં અનેક સૈનિકો ઘાયલ થયા હતા ? – સિક્કિમ સરહદે (નાકુલા પાસ ખાતે)

18. કોરોના લોકડાઉન બાદ વિશ્વમાં સૌથી પહેલાં વિશ્વના કયા શહેરમાં આવેલો ડિઝની રિસોર્ટ ફરીથી શરૂ કરવામાં આવ્યો છે ? – શાંઘાઈ, ચીન

19. ગુજરાતના તમામ જિલ્લાઓમાંથી કયા જિલ્લામાં કોરોના પોઝિટિવ કેસ સૌથી છેલ્લે નોંધાયો હતો ? – અમરેલી

20. 'આત્મનિર્ભર ભારત અભિયાન'ના સમર્થનમાં ભારતના ગૃહમંત્રી શ્રી અમિત શાહે કરેલી જાહેરાત અનુસાર ભારતમાં સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સિસ (CAPF)ની તમામ કેન્ટીનમાં ક્યારથી ફક્ત સ્વદેશી વસ્તુઓ જ વેચાશે ? – 1 જૂન, 2020થી

21. ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે કોરોના મહામારીને કારણે તેમના પગારનો કેટલા ટકા હિસ્સો 1 વર્ષ સુધી દાનમાં આપવાનો નિર્ણય કર્યો છે ? – 30 ટકા

22. ગુજરાત સરકારે જાહેર કરેલી 'આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના'માં નોડલ એજન્સી તરીકે કઈ બેન્કની નિમણૂક કરવામાં આવી છે ?

– ધી ગુજરાત સ્ટેટ કો–ઓપરેટિવ બેન્ક (GSC બેન્ક)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

23. ભારત સરકારના કયા મંત્રાલય દ્વારા સસ્તી PPE કીટની પેટન્ટ કરાવવામાં આવી છે ?
– સંરક્ષણ મંત્રાલય
(ભારતની નૌસેના દ્વારા આ PPE કીટ વિકસાવવામાં આવી છે.)

24. ભારતના કયા રાજ્યના મુખ્યમંત્રી રાજ્યની વિધાન પરિષદમાં બિનહરિફ ચૂંટાઈ આવ્યા છે ?
– મહારાષ્ટ્ર (શ્રી ઉદ્ધવ ઠાકરે)

25. જુલાઈ 2020 દરમિયાન શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO) શિખર સંમેલન 2020 કયાં યોજાશે ? – સેન્ટ પીટર્સબર્ગ (રશિયા)

26. વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (WEF) દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા ‘ગ્લોબલ એનર્જી ટ્રાન્ઝિશન ઈન્ડેક્સ’માં 115 દેશોમાં ભારત કયા ક્રમે છે ?

27. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા India State- Level Disease Burden Initiative' નામના રિપોર્ટ અનુસાર ભારતમાં 5 વર્ષથી ઓછી ઉંમરના 68 ટકા બાળકોના મૃત્યુનું કારણ શું છે ?
– બાળ અને માતૃ કુપોષણ

28. ભારતના કયા રાજ્યની સરકારે ‘FIR આપ કે દ્વાર’ નામની યોજના શરૂ કરી છે ?
– મધ્યપ્રદેશ

29. તાજેતરમાં ચર્ચામાં રહેલ ‘COVID કવચ એલિસા’ શું છે ? – COVID-19 પરીક્ષણ કીટ
(ભારતમાં ICMR અને નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજી-NIV દ્વારા આ સ્વદેશી એન્ટીબોડી કીટ વિકસાવવામાં આવી છે.)

30. તાજેતરમાં ભારત સરકાર દ્વારા લોન્ચ કરવામાં આવેલા ‘મિશન સાગર’ અંતર્ગત કેટલા દેશોને સહાયતા પહોંચાડવામાં આવશે ? – 4
(આ ચાર દેશોમાં માલદીવ, મેડાગાસ્કર, સેશલ્સ અને કોમોરોસનો સમાવેશ થાય છે.)

31. ભારતમાં મજૂરોના કામના કલાકો વધારવા માટે ભારતના વિવિધ રાજ્યો દ્વારા કયા એકટમાં છૂટ આપવામાં આવી છે ? – ફેકટરી એકટ, 1948

32. ભારતમાં કેન્દ્ર સરકારના સંરક્ષણ મંત્રાલય દ્વારા ભારતીય વાયુસેનાના 37 એરફિલ્ડના ઈન્ફ્રાસ્ટ્રકચરને આધુનિક બનાવવા માટે કઈ કંપની સાથે કરાર કરવામાં આવ્યા છે ?
– ટાટા પાવર

33. તાજેતરમાં ભારતના કયા રાજ્યની સરકારે 11 બ્રાન્ડના પાન મસાલાના નિર્માણ, વેચાણ અને સંગ્રહ પર એક વર્ષનો પ્રતિબંધ મૂકી દીધો છે ? – ઝારખંડ
(આ બ્રાન્ડના પાન મસાલામાં રહેલા મેગ્નેશિયમ કાર્બોનેટ નામના હાનિકારક રસાયણથી લોકોને બચાવવા માટે ઝારખંડ સરકારે આ નિર્ણય કર્યો છે.)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**

t.me/icerajkotofficial

YouTube

ICE RAJKOT

Instagram

ICE RAJKOT

Facebook

like | comment | share

ICE RAJKOT

twitter

ICE RAJKOT